Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com


We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૦૩

## વિશ્વની વિશાળતા

### ( તેને જાણનાર જ્ઞાનની મહાનતા )

સર્વજ્ઞ ભગવંતોએ સાક્ષાત્ જોયેલું આ વિશ્વ એટલું બધું વિશાળ છે કે, સર્વજ્ઞને ન માનનારા જીવો તો તેની કલ્પના પણ ન કરી શકે! જગતમાં એટલી બધી જીવો–પુદ્ગલોની સંખ્યા છે, એટલું વિશાળ ક્ષેત્ર છે, એટલો લાંબો કાળ છે ને એવા ગંભીર ભાવો છે–કે જેને સર્વજ્ઞ જ સાક્ષાત્ જાણી શકે; સર્વજ્ઞને ન અનુસરનારા એની કલ્પના પણ કરી શકે તેમ નથી. એની કલ્પનાનું ગજું જ એટલું નાનું છે કે તેમાં વિશ્વની વિશાળતા, કે સર્વજ્ઞપદની મહત્તા સમાઈ શકે નહિ,–અરે એનો અનંતમો ભાગ પણ ન સમાય! બલિહારી છે સર્વજ્ઞના સામર્થ્યની કે જેણે આ અનંત વિશ્વને સાક્ષાત્ જાણી લીધું...ને વાણીદ્વારા જગતને બતાવ્યું. સાથે સાથે એમ પણ સમજાવ્યું કે સર્વજ્ઞના અને જગતના અસ્તિત્વને જાણનારો એવો જે આત્મસ્વભાવ તે જ જગતમાં સૌથી શ્રેષ્ઠ છે.

( ચર્ચા )

તંત્રીઃ જગજીવન બાવચંદ દોશી * સંપાદક : બ્ર. હરિલાલ જૈન

વીર સં. ૨૪૯૫, પોષ ( લવાજમઃ ચાર રૂપિયા ) વર્ષ ૨૬ઃ અંક ૩

श्री दि.जैन स्वाध्याय मंदिर ट्रस्ट, सोनगढ (सौराष्ट्र)

# આજે આપણા સમાજની પરિસ્થિતિ-

## ( સંપાદકીય )

**યુવાન પેઢીની શિથિલતા કે ઉત્સાહ ?**

( ૧ ) जैनगझट' લખે છે કે–“कहा जाता है कि आज का युवान मंदिर नहीं जाता, देवदर्शन नहीं करता, रात्रिभोजन करता है, धर्मशास्त्रोंके अध्ययनसे मुंह मोडता है।।......”

એનો અર્થ એ થયો કે, ઉપરોક્ત દેવદર્શનાદિ કાર્યો કરવા માટે યુવકોને પ્રોત્સાહન આપે એવું સાહિત્ય ત્યાંના પત્રોમાં પીરસાતું નથી.

( ૨ ) હવે બીજી બાજુ જોઈએ તો–સોનગઢનું ‘આત્મધર્મ’ માસિક લખે છે કે– “આજે હજારો બાળકો જાગ્યા છે, ને ઘરે ઘરે ધાર્મિક સંસ્કારોની સુગંધ રેલાવી રહ્યા છે, ત્યારે કોણ કહી શકશે કે બાળકોમાં ધર્મસંસ્કાર નથી ? દેશભરમાં હજારો બાળકો આજે જીવ–અજીવના તત્ત્વજ્ઞાનની ચર્ચા કરે છે, ભગવાનના દર્શન કરે છે, બીજા અનેક પ્રકારે ઉચ્ચ સંસ્કારોથી ધર્મમાં રસ લ્યે છે. એ જ રીતે આજના હજારો કોલેજિયન યુવાનો પણ જૈનધર્મના ઉત્તમ સંસ્કારો વડે પોતાના જીવનને ઉજ્વળ બનાવવા પ્રયત્નશીલ છે. ઘણાએ તો રાત્રે ખાવાનું કે સીનેમા જોવાનું પણ છોડી દીધું છે.–બધાય જાગૃત બનીને ધર્મસંસ્કારનું મહત્ત્વ સમજ્યા છે. –જરૂર છે માત્ર તેમને પ્રોત્સાહન આપવાની.”

જાુદી જુદી પરિસ્થિતિનો ઉલ્લેખ કરતા ઉપરના બે લખાણો વાંચવાથી ખ્યાલમાં આવશે કે ઉપરોક્ત બંને પત્રોની સમાજમાં કેવી અસર છે ? આત્મધર્મ દ્વારા આજે મહાન ધાર્મિક જાગૃતી ફેલાઈ રહી છે.

ખરેખર જ્યાં યુવાનસમાજમાં ઓછા ધર્મસંસ્કારો દેખાતા હોય ત્યાં પણ મુખ્ય કારણ એ છે કે તે વિભાગના પત્રકારો પોતાના પત્રોમાં એવી કોઈ ધાર્મિક સામગ્રી રજૂ નથી કરતા કે જે યુવકવર્ગને ધર્મ પ્રત્યે આકર્ષિત કરે ! પંડિતોના વાદવિવાદની જ વાતો જેમાં ખૂબ ચર્ચાતી હોય તેમાં યુવકવર્ગને ક્યાંથી રસ આવે ? આપણા સમાજના અનેક જૈનપત્રોમાંથી, આજે બાળકોને કે યુવાનોને ઉત્તમ ધાર્મિક સંસ્કારો આપે એવું સાહિત્ય કેટલા પત્રો આપે છે ? તે વિચારવા જેવું છે.

છેલ્લા ત્રણ વર્ષમાં ‘આત્મધર્મ’ માસિકે ( બાલવિભાગ દ્વારા ) એ પ્રકારનો થોડો ઘણો પ્રયત્ન કરી જોયો, અને તેના ફળમાં આજે અઢી હજારથી વધુ બાળકો–યુવાનો ( ગુજરાતી ભાષા જાણનારાઓમાંથી જ ) એવા તૈયાર થઈ ગયા છે કે ખૂબજ ઉમંગથી ધાર્મિક પ્રવૃત્તિઓમાં રસ લઈને જૈનસમાજની શોભા વધારી રહ્યા છે. કોલેજના ઉચ્ચ અભ્યાસની સાથે સાથે નિયમિત ધાર્મિક અભ્યાસ, દેવદર્શન કરે છે, રાત્રિભોજન કે સીનેમા જેવી વસ્તુ છોડે છે. ‘આત્મધર્મ’ હંમેશા બાળકોની તેમજ યુવાનોની પાસે ઊંચામાં ઊંચા ધાર્મિક આદર્શો રજાૂ કરીને પ્રેમથી તેમને બોલાવે છે કેઃ ‘વહાલા બંધુઓ...

( અનુસંધાન માટે જુઓ–ટાઈટલ પાનું ૩ )

વાર્ષિક લવાજમ
ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

સં. ૨૪૯૫
પોષ

# હું સિદ્ધનો સાધર્મી... સિદ્ધનો મિત્ર

સિદ્ધભગવંતો ને સન્તો કહે છે કે હે જીવ! તું અમારો મિત્ર થા...આપણે ચેતનસ્વભાવે એક જાતના છીએ...રાગની જાત તે આપણી જાત નથી, માટે તું રાગની મિત્રતા છોડ ને અમારી મિત્રતા કર...શુદ્ધતાને પામેલા શુદ્ધાત્માની મિત્રતા કરતાં તું પણ એના જેવો શુદ્ધ થઈશ.


અહા, સિદ્ધભગવંતો અને સન્તો 'મિત્ર' કહીને બોલાવે, તો એવી સિદ્ધોની મિત્રતા કોને ન ગમે! સંતોની મિત્રતા કોને ન ગમે!

સિદ્ધભગવાન કહે છે કે હે મિત્ર! તું અમારો સાધર્મી છો...આપણે બંને સમાનધર્મી છીએ (સર્વ જીવ છે સિદ્ધસમ...) રાગની સાથે તારે સાધર્મીપણું નથી, એ તો તારાથી વિધર્મી છે, ને અમે (સિદ્ધો તથા સંતો) તારા સાધર્મી છીએ...અમે તારા મિત્ર છીએ. મિત્રતા સરખેસરખાની શોભે.

વાહ! હે સિદ્ધભગવંતો! હે સંતો! આપના જેવા ઉત્તમ સાધર્મી ને મિત્ર પામીને હું ન્યાલ થયો....પ્રસન્ન થયો. પ્રભો! આપે મને સાધર્મી અને મિત્ર કહીને બોલાવ્યો...તો હું પણ આપનો સાધર્મી થઈ–આપના જેવો થઈને આપની પાસે આવી રહ્યો છું.

(મિત્ર હો તો આવા હો..........સાચું સગપણ આ સાધર્મીનું.)

# મોક્ષનગરીમાં પ્રવેશવાનો અવસર




**હે જીવ! ચારગતિના ચક્કરમાંથી છૂટીને મોક્ષનગરીમાં પ્રવેશવાનો અવસર આવ્યો છે...તો અંધની જેમ તું આ અવસર ચૂકીશ મા.**

અરે, અનંતકાળના પરિભ્રમણમાં રખડતા જીવે ચાર ગતિમાં અવતાર કરી કરીને મહા દુઃખો ભોગવ્યા; એમાં ક્યારેક માંડમાંડ મનુષ્ય થયો, ને ૮૪ ના ચક્કરમાંથી બહાર નીકળવાનો અવસર હાથમાં આવ્યો; અત્યારે બેદરકાર થઈને બીજે કાળ ગુમાવીશ તો હે ભાઈ! તું અવસર ચૂકી જઈશ. ( જુઓ ચિત્ર ) એક અંધમનુષ્યને શિવનગરીમાં પ્રવેશવું હતું; નગરીના ગઢને એક જ દરવાજો હતો. કોઈ દયાળુએ તેને માર્ગ દેખાડયો કે આ ગઢની રાંગે હાથ લગાવીને ચાલ્યા જાઓ, ફરતાં ફરતાં દરવાજો આવે એટલે અંદર પેસી જાજો; વચ્ચે ક્યાંય પ્રમાદમાં અટકશો નહિ. એ પ્રમાણે ગઢને હાથ લગાડીને તે અંધમનુષ્ય ફરવા લાગ્યો, પણ વચ્ચેવચ્ચે પ્રમાદી થઈને ઘડીકમાં પાણી પીવા રોકાય; ઘડીકમાં શરીર ખજવાળવા રોકાય, એમ કરતાં કરતાં

જ્યાં દરવાજો આવવાની તૈયારી થઈ કે બરાબર તે જ વખતે ભાઈસાહેબ માથું ખજવાળતા–ખજવાળતા આગળ ચાલ્યા ગયા, ને દરવાજો તો પાછળ રહી ગયો. આમ શિવનગરીમાં પ્રવેશવાનો અવસર ચૂકીને પાછો ચકરાવામાં પડયો. તેમ આ ચોરાસીના ચકરાવામાં માંડ મનુષ્યઅવતાર મળ્યો, મોક્ષનગરીમાં પ્રવેશવાનો અવસર આવ્યો, ને મોક્ષનો દરવાજો દેખાડનારા સંત મળ્યા; તેમણે કરુણા કરીને માર્ગ દેખાડયો કે અંદરના ચૈતન્યમય આત્માને સ્પર્શીને ચાલ્યો જા...એટલે મોક્ષનગરીમાં પ્રવેશવાનો 'રત્નત્રયદરવાજો' આવશે. હવે એને બદલે અંધમનુષ્યની જેમ જે અજ્ઞાની જીવ રાગમાં ને દેહની ક્રિયામાં ધર્મ માનીને તેની સંભાળમાં (–દેહબુદ્ધિમાં) રોકાય છે, ને ચૈતન્યને ઓળખવાની દરકાર કરતો નથી, તે મોક્ષનગરીમાં પ્રવેશવાનો આ અવસર ચુકી જશે ને પાછો ચોરાસીના ચક્કરમાં પડીને ચારગતિમાં રખડશે. માટે હે જીવ! તે અંધની જેમ તું આ અવસર ચુકીશ મા. દેહની કે માન–મોટાઈની દરકાર મુકીને આત્માના હિતની સંભાળ કરજે. અનંતવાર ગાજર–મૂળામાં મફતના ભાવે વેચાણો ત્યાં કોનાં માન કરવા? એકેન્દ્રિયના અવતારમાં ગાજર કે મૂળામાં અવતર્યો હોય, ને બજારમાં શાકવાળાને ત્યાં તે ગાજર–મૂળાના ઢગલામાં પડયો હોય. શાક લેનારની સાથેનો નાનો છોકરો શાક સાથે ગાજર કે મૂળો મફત માંગે ને શાકવાળો તે આપે; ત્યારે તેમાં વનસ્પતિકાયપણે જીવ બેઠો હોય તે પણ મૂળાની સાથે મફતમાં જાય.–એ રીતે મફતના ભાવે અનંતવાર વેંચાયો. અને અત્યારે મનુષ્ય થઈને તું મફતનો માન–અપમાનમાં જીવન કેમ ગુમાવે છે! ભાઈ, અલ્પકાળનો આ મનુષ્ય–અવતાર, તેમાં આત્મહિત માટે શું કરવાનું છે તેની દરકાર કર.

જેમ મનુષ્યોને ચિંતામણિ ક્યારેક મહા પુણ્યે મળે છે, વારંવાર નથી મળતા, તેમ સંસારમાં જીવોને એકેન્દ્રિયમાંથી પંચેન્દ્રિયપણાની તો શી વાત, પણ બેઇન્દ્રિયપણું મળવું તે પણ ચિન્તામણિ પામવા જેવું દુર્લભ છે. ક્યારેક વિશુદ્ધ પરિણામના બળથી જીવ એકેન્દ્રિયમાંથી નીકળીને ત્રસમાં આવે છે. અરે, ઈયળ અને કીડી થવું પણ જ્યાં દુર્લભ ત્યાં મનુષ્યપણાની દુર્લભતાની તો શી વાત? ભાઈ! તું તો મનુષ્યપણા સુધી આવ્યો છો, તો ભવભીરુ થઈને હવે એવો ઉપાય કર કે આત્મા ચારગતિનાં દુઃખથી છૂટે.

(આવા ભાવવાહી ચિત્રો અને લખાણોવાળું પુસ્તક–'વીતરાગવિજ્ઞાન' ભેટ મેળવવા માટે તુરત આત્મધર્મના ગ્રાહક બનો.)

# આચાર્યદેવ અપ્રતિબુદ્ધને પ્રતિબોધે છે

## ( એવું ભેદજ્ઞાન કરાવે છે કે જે ભેદજ્ઞાન કરતાંવેંત જીવ આનંદિત થાય )

અપ્રતિબુદ્ધ કોણ છે?

જે અજ્ઞાની, જીવ અને શરીરને એક માને છે, રાગ અને જ્ઞાનને એકપણે અનુભવે છે, શરીરથી ને રાગથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ આત્માનો બોધ કરતો નથી, તે અપ્રતિબુદ્ધ છે.

અહીં આચાર્યદેવ કોને સમજાવે છે?

અહીં એવા અપ્રતિબુદ્ધ–અજ્ઞાનીને આચાર્યદેવ ભિન્ન આત્માનું સ્વરૂપ સમજાવે છેઃ અરે ભાઈ! આત્મા તો ઉપયોગસ્વરૂપ છે; સર્વજ્ઞભગવાને કેવળજ્ઞાનમાં તો ઉપયોગસ્વરૂપ જીવ જોયો છે; જીવ ઉપયોગસ્વરૂપ છે, તે કાંઈ જડરૂપ કે રાગરૂપ નથી. અહો, આવો ઉપયોગસ્વરૂપ આત્મા, તેને તમે ઓળખો, અને પુદ્ગલબુદ્ધિ છોડો.

ચૈતન્યભાવમાં રહેલો આત્મા પોતે પોતાને ભૂલીને, રાગાદિ પરભાવોને–દુર્ભાવોને પોતાનું સ્વરૂપ માનીને તેમાં એકાગ્ર થયો છે, તે દુરાત્મા છે. પોતાના સ્વભાવરૂપ 'ભાવ–નગર' નો રહેવાસી દુર્ભાવનગરીમાં ચાલ્યો ગયો, રાગાદિ દુર્ભાવોને જ તે અનુભવે છે. એવા અવિવેકી દુરાત્માને ( આત્માથી જે દૂર છે એવા દુરાત્માને, અથવા રાગાદિ દુર્ભાવરૂપે જ જે પોતાને અનુભવે છે એવા દુરાત્માને ) સમજાવે છે કે અરે દુરાત્મા! તું ઉપયોગસ્વરૂપ પોતાને જડ સાથે એકમેક કેમ માને છે? જેમ પશુઓ લાડવા અને ઘાસ વચ્ચે વિવેક વગર બંનેને ભેળસેળ કરીને ખાય છે તેમ તું ઉપયોગને અને રાગને એકમેકપણે અનુભવી રહ્યો છે–તે અવિવેક છે; આવા અવિવેકને તું છોડ રે છોડ! ભગવાન સર્વજ્ઞદેવે જોયેલો જીવ તો સદા ઉપયોગસ્વરૂપ છે; ઉપયોગને જીવનું લક્ષણ ભગવાને કહ્યું છે, પણ કાંઈ રાગલક્ષણવાળો કે દેહવાળો જીવ ભગવાને કહ્યો નથી. અરે, ભગવાને કહેલા જીવને તું ઓળખતો નથી, ને પુદ્ગલને જ તું જીવ માની રહ્યો છે, તે મોટો અવિવેક છે; તેમાં આત્માની હિંસા છે, દુર્બુદ્ધિ છે; તેને તું હવે છોડી દે. અજ્ઞાનથી અત્યાર સુધીનો કાળ તો જડ–ચેતનની એકત્વબુદ્ધિમાં વીત્યો, પણ હવે અમે બંનેનું ભેદજ્ઞાન કરાવ્યું તે સમજીને તું પ્રતિબુદ્ધ થા, ને બંનેની એકત્વબુદ્ધિ છોડ.

આત્મા ઉપયોગસ્વરૂપે નિત્ય રહેનાર છે; પણ રાગ કાંઈ નિત્ય રહેનાર નથી, ઉપયોગથી

તેની જાત જુદી છે. જેમ મીઠું ઓગળીને ખારા પાણીરૂપે થાય છે, તેમ ઉપયોગ ઓગળીને કદી રાગરૂપ કે જડરૂપ થઈ જતો નથી. ઉપયોગ તો સદાય ઉપયોગરૂપે જ રહે છે.

પ્રવાહીપણાને અને ખારાપણાને વિરોધ નથી, બંને એકપણે સાથે રહી શકે છે, પણ તેની જેમ ઉપયોગ અને જડ બંને સાથે એકપણે રહી શકતા નથી, તેમને તો એકપણે રહેવામાં વિરોધ છે. આત્મા તો ઉપયોગરૂપ છે, ને શરીર–રાગાદિ તો અનુપયોગરૂપ છે, આત્માનો ઉપયોગ ઓગળીને કદી જડ કે રાગ સાથે તન્મય થાય નહિ. માટે પુદ્‌ગલને અને જીવને એકપણે અનુભવવો તે મિથ્યા છે. જડ ને ચેતન કદી પણ એક થઈ શકે નહિ, તેથી તું સર્વપ્રકારે પ્રસન્ન થા; ચિત્તને ઊજળું કરીને સાવધાનપણે સ્વદ્રવ્યને પોતાપણે અનુભવમાં લે. આવું ભેદજ્ઞાન કરતાવેંત આત્મા આનંદરૂપ–પ્રસન્નરૂપ થશે. દેહબુદ્ધિમાં દુઃખ છે; દેહથી ભિન્ન ઉપયોગસ્વરૂપ હું છું–એવી આત્મબુદ્ધિમાં સુખ છે.

અરે, દેહ ને જીવ સદાય પોતપોતાના લક્ષણે જુદા જ છે; જુદા છે તેને જુદા જાણતો નથી ને એક માને છે; એક માને તોપણ તે બંનેને એકપણું કદી થઈ ગયું નથી. ભાઈ! જુદા છે તેને જુદા જાણ–તો તને તારા સ્વદ્રવ્યની પ્રાપ્તિથી આનંદ થશે–પ્રસન્નતા થશે.

જગતમાં ચેતન ને જડ ભલે એક સાથે હોય, પણ તે બંને એક થઈ જતા નથી, પોતપોતાનું સ્વરૂપ છોડતા નથી; પોતપોતાના સ્વરૂપે જ રહ્યા છે. એક કાળે કે એક ક્ષેત્રે ભલે હો, પણ સ્વરૂપે એક નથી. નિજનિજલક્ષણે બંને જુદેજુદાં જ રહ્યાં છે, તારો ભાગ જુદો, ને જડનો ભાગ જુદો; ઉપયોગ તે તારો ભાગ છે, ને જડ તે પુદ્‌ગલનો ભાગ છે.– એમ તારો ભાગ જુદો લઈને તું ખુશી થા! તારો ભાગ કોઈ લૂટી ગયું નથી, એવો ને એવો જુદો જ તારો ભાગ છે. પુદ્‌ગલના ભાગનો ધણી થવા જઈશ તો દુઃખી થઈશ. એનાથી ભિન્ન ઉપયોગરૂપ તારો ભાગ છે તેને જ અનુભવમાં લે. તેના અનુભવથી તને આનંદ થશે.

જડ વડે તારું અસ્તિત્વ જરાય દુભાયું નથી, દબાયું નથી, જડથી જુદું એવું ને એવું તારું અસ્તિત્વ અનાદિથી છે; માટે ઉલ્લસિત થઈને તારા સ્વદ્રવ્યને દેખ. પુદ્‌ગલ કે રાગાદિ તારા ઉપયોગસ્વરૂપમાં ઘૂસી ગયા નથી, બહાર જ રહ્યા છે, માટે આવા ઉપયોગસ્વરૂપને અનુભવમાં લઈને આનંદિત થા. જેમ ઘણા કાળથી ખોવાઈ ગયેલી વસ્તુ ઘરમાં જડે ને આનંદિત થાય, તેમ અનાદિથી ભૂલાયેલો, જડ સાથે એકત્વબુદ્ધિથી ખોવાયેલો, તારો આત્મા તને તારામાં જડથી જુદો બતાવ્યો, તો હવે એવી ને એવી તારી સ્વવસ્તુને પામીને તું આનંદિત થા.

શરીરને જ આત્મા માને એ તો સ્થૂળ ભૂલ છે જ; પરંતુ પર તરફના રાગભાવને જે ઉપયોગ સાથે એકમેક સમજે છે, રાગથી ભિન્ન ઉપયોગને નથી અનુભવતો, તો તે પણ ખરેખર અજીવને જ આત્મા માને છે, જીવના ઉપયોગગુણને ઓળખીને જીવનાં ગુણોની સ્તુતિ કરતાં તેને નથી આવડતું, એટલે સર્વજ્ઞ ભગવાનની પણ પરમાર્થ સ્તુતિ કરતાં તેને આવડતું નથી. ભગવાનના આત્માના ખરા ગુણ (રાગથી જુદા) શું છે તેને તો તે ઓળખતો નથી, તો તે ભગવાનના ગુણની ઓળખાણ વગર તેમની સાચી સ્તુતિ ક્યાંથી કરી શકશે? ભગવાનના ગુણની સાચી સ્તુતિ સમ્યગ્દ્રષ્ટિ જ કરે છે. ભગવાન જેવા પોતાના ગુણને પણ તેણે ઓળખ્યા છે.

આચાર્યદેવ આત્મગુણોની ઓળખાણ કરાવીને કહે છે કે ભાઈ, આત્મા અને શરીરની એકત્વબુદ્ધિને તું છોડ.....કેમકે આત્માના એક્કેય ગુણ શરીરમાં નથી, આત્મા કદી પોતાનું ઉપયોગપણું છોડીને શરીરપણે થતો નથી. આત્મા અને શરીર સદાય અત્યંત જુદા જ છે.

જડ–ચેતનનું આટલું આટલું સ્પષ્ટ ભેદજ્ઞાન કરાવવા છતાં જે નથી સમજતો, ને શરીરાદિને જ આત્માપણે અનુભવે છે તેને તેનું અજ્ઞાન છોડાવવા આચાર્યદેવ કહે છે કે હે દુરાત્મા! તારી આ પશુ જેવી પ્રવૃત્તિને તું છોડ.....છોડ! જેમાં આત્મા હણાય છે એવી આ મિથ્યાબુદ્ધિને તું છોડ! જેમ પશુઓને લાડવા અને ઘાસ વચ્ચે વિવેક નથી, બંનેને ભેળસેળ કરીને ખાય છે, તેમ તું પણ ઉપયોગને અને શરીરને એકમેક અનુભવે છે, તે દુર્બુદ્ધિ છોડી દે. ચૈતન્યસ્વભાવને ભૂલીને શરીરને પોતાનું માન્યું, એટલે આત્માને જડ માન્યો, તેમાં તારા ચૈતન્યસ્વભાવની હિંસા થાય છે; આવી આત્મહિંસાને તું છોડ, ને દેહથી ભિન્ન શુદ્ધ ઉપયોગસ્વરૂપ આત્મા છે તેને અનુભવમાં લે.

અત્યંત પુરુષાર્થની જાગૃતિપૂર્વક ભેદજ્ઞાન કરીને આત્માનો અનુભવ કરવા માટે હજી ફરી ફરી આચાર્યદેવ જોરદાર ઉપદેશ આપે છે...તે સામે પાને વાંચોજી

પહેલું સુખ તે આતમજ્ઞાન,
બીજું સુખ તે ચારિત્રવાન;
ત્રીજું સુખ વીતરાગીધ્યાન,
ઉત્તમ સુખ છે કેવળજ્ઞાન.

* * * * *

ઘડીક વિચાર, તારું સ્વરૂપ;
તો તું પામીશ, સુખ અનુપ.

# કોઈ પણ રીતે આત્મઅનુભવ કર

**દેહથી ભિન્ન ચૈતન્યભાવે શોભી રહેલો એવો તારો આત્મા સંતો તને દેખાડે છે, તે દેખીને હે જીવ! તું પ્રસન્ન થા...આનંદિત થા.**

રે ભાઈ, તું કોઈપણ રીતે તત્ત્વનો કૌતૂહલી થા. હિતની શિખામણ આપતાં આચાર્યદેવ કહે છે કે હે ભાઈ! ગમે તેમ કરીને તું તત્ત્વનો જિજ્ઞાસુ થા..ને દેહથી ભિન્ન આત્માનો અનુભવ કર. દેહ સાથે તારે એકતા નથી પણ ભિન્નતા છે...તારા ચૈતન્યનો વિલાસ દેહથી જુદો છે. માટે તારા ઉપયોગને પર તરફથી છોડીને અંતરમાં વાળ.

પરમાં તારું નાસ્તિત્વ છે માટે તારા ઉપયોગને પર તરફથી પાછો વાળ. તારા ઉપયોગસ્વરૂપ આત્મામાં પરની પ્રતિકૂળતા નથી. મરણ જેટલું કષ્ટ (–બાહ્ય પ્રતિકૂળતા) આવે તોપણ તેની દ્રષ્ટિ છોડીને અંતરમાં જીવતા ચૈતન્યસ્વરૂપની દ્રષ્ટિ કર. "मृत्वा अपि એટલે કે મરીને પણ તું આત્માનો અનુભવ કર"–આમ કહીને આચાર્યદેવે શિષ્યને પુરુષાર્થની પ્રેરણા આપી છે. વચ્ચે કંઈ પ્રતિકૂળતા આવે તો તારા પ્રયત્નને છોડી ન દઈશ. પરંતુ મરણ જેટલી પ્રતિકૂળતા સહન કરીને પણ તું આત્માનો તાગ લેજે...તેનો અનુભવ કરજે. મારે મારા આત્મામાં જ જવું છે...તેમાં વચ્ચે પરની ડખલગીરી કેવી? પ્રતિકૂળતા કેવી? બહારની પ્રતિકૂળતાનો આત્મામાં અભાવ છે–એમ ઉપયોગને પલટાવીને આત્મામાં વાળ,–આમ કરવાથી પર સાથે એકતાબુદ્ધિરૂપ મોહ છૂટી જશે...ને તને પરથી ભિન્ન તારું ચૈતન્યતત્ત્વ આનંદના વિલાસસહિત અનુભવમાં આવશે.

૩૮ ગાથા સુધી પરથી ભિન્ન શુદ્ધજીવનું સ્વરૂપ ઘણાઘણા પ્રકારે સ્પષ્ટ કરીને સમજાવવા છતાં જે નહિ સમજે અને દેહાદિને આત્મા માનશે, તેને આચાર્યદેવ કડક સંબોધન કરીને સમજાવશે કે, અમે આટલું આટલું સમજાવ્યું છતાં જે જીવ દેહને–કર્મને તથા રાગને જ આત્માનું સ્વરૂપ માને છે તે જીવ મૂઢ છે, અજ્ઞાની છે, પુરુષાર્થહીન છે. પરને જ આત્મા માની માનીને તે આત્માના પુરુષાર્થને હારી બેઠો છે. રે પશુ જેવા

મૂઢ! તું સમજ રે સમજ! ભેદજ્ઞાન કરીને તારા આત્માને પરથી જુદો જાણ...રાગથી જુદા ચૈતન્યનો સ્વાદ લે.

–આ રીતે જેમ માતા બાળકને શિખામણ આપે તેમ આચાર્યદેવ શિષ્યને અનેક પ્રકારે સમજાવે છે...તેમાં તેના હિતનો જ આશય છે.

આચાર્યદેવ કહે છે કે ભાઈ! જડની ક્રિયામાં તારો ધર્મ ગોતવો મુકી દે. આ ચૈતન્યમાં તારો ધર્મ છે તે કોઈ દિવસ જડ થયો નથી. જડ ને ચૈતન્ય બંને દ્રવ્યના ભાગલા પાડીને હું તને કહું છું કે આ ચૈતન્યદ્રવ્ય જ તારું છે. માટે હવે જડથી ભિન્ન તારા શુદ્ધ ચૈતન્યતત્ત્વને જાણીને તું સર્વ પ્રકારે પ્રસન્ન થા...તારું ચિત્ત ઉજ્જવળ કરીને સાવધાન થા...અને "આ સ્વદ્રવ્ય જ મારું છે" એમ તું અનુભવ કર. અહા! આવું ચૈતન્યતત્ત્વ અમે તને દેખાડયું... હવે તું આનંદમાં આવ...પ્રસન્ન થા!

જેમ બે છોકરા કોઈ વસ્તુ માટે બાઝે તો માતા વચ્ચે પડીને ભાગ પાડી આપે છે ને સમાધાન કરાવે છે. તેમ અહીં આચાર્યદેવ જડ–ચેતનના ભાગ પાડીને, બાળક જેવા અજ્ઞાનીને સમજાવે છે કે લે, આ તારો ભાગ! જો...આ ચૈતન્ય છે તે તારો ભાગ છે ને આ જડ છે તે જડનો ભાગ છે. તારો ચૈતન્ય ભાગ એવો ને એવો આખેઆખો શુદ્ધ છે, તેમાં કાંઈ બગડયું નથી; માટે તારો આ ચૈતન્ય ભાગ લઈને હવે તું પ્રસન્ન થા...આનંદિત થા... તારા મનનું સમાધાન કરીને તારા ચૈતન્યને આનંદથી ભોગવ...તેના અતીન્દ્રિયસુખના સ્વાદનો અનુભવ કર.

અજ્ઞાનીનું અજ્ઞાન કેમ ટળે, ને તેને ચૈતન્યના સુખનો અનુભવ કેમ થાય, તે માટે આચાર્યદેવ ઉપદેશ આપે છે. કડક સંબોધન કરીને નથી કહેતા પણ કોમળ સંબોધન કરીને કહે છે કે હે વત્સ! શું આ જડ દેહ સાથે એકમેકપણું તને શોભે છે? ના, ના. તું તો ચૈતન્ય છો...માટે જડથી જુદો થા...તેનો પાડોશી થઈને તેનાથી ભિન્ન તારા ચૈતન્યને દેખ. દુનિયાની દરકાર છોડીને તારા ચૈતન્યને દેખ. જો તું દુનિયાની અનુકૂળતા કે પ્રતિકૂળતા જોવા રોકાઈશ તો તારા ચૈતન્યભગવાનને તું નહિ જોઈ શકે, માટે દુનિયાનું લક્ષ છોડી, તેનાથી એકલો પડી અંતરમાં તારા ચૈતન્યને જો...અંતર્મુખ થતાં જ તને ખબર પડશે કે ચૈતન્યનો કેવો અદ્ભુત વિલાસ છે?

# જે ગુણોને અને પર્યાયોને પામે-પ્રાપ્ત કરે તે દ્રવ્ય

-અથવા-

# ગુણો અને પર્યાયો વડે જે પમાય-પ્રાપ્ત કરાય તે દ્રવ્ય

(પ્રવચનસાર ગા. ૮૭ ના પ્રવચનમાંથી)

## ગુરુદેવ કહે છે: ‘ઘણું સહેલું...છતાં...ઘણું સરસ’

**અહા, વીતરાગમાર્ગમાં જિનેન્દ્રદેવે અલૌકિક વસ્તુસ્થિતિ પ્રસિદ્ધ કરી છે. દ્રવ્ય-ગુણ-પર્યાયનું યથાર્થ સ્વરૂપ ઓળખતાં આખા જગતની વ્યવસ્થા ઓળખાઈ જાય છે. દ્રવ્ય-ગુણ-પર્યાય-સ્વરૂપ વસ્તુ સ્વતંત્ર છે; ગુણ-પર્યાયોનો સંબંધ પોતાના દ્રવ્ય સાથે છે, બીજા સાથે નથી. આવું સ્વરૂપ ઓળખે તો પોતાના ગુણ-પર્યાય પોતાના દ્રવ્યમાં શોધે, એટલે સ્વસન્મુખ થાય, ને પરમાં પોતાના ગુણ-પર્યાય ન શોધે એટલે પર સાથે એકતાબુદ્ધિ છૂટે. આ રીતે અપૂર્વ ભેદજ્ઞાન થાય છે.**

દરેક દ્રવ્ય પોતાના ગુણ–પર્યાયોને પ્રાપ્ત કરે, પણ બીજાના ગુણ–પર્યાયને કોઈ દ્રવ્ય પ્રાપ્ત કરે નહિ. આત્મદ્રવ્ય પોતાના જ્ઞાનાદિગુણોને તથા કેવળજ્ઞાનાદિ પર્યાયોને પ્રાપ્ત કરે, પણ આત્મદ્રવ્ય શરીરાદિ કોઈ અન્ય ગુણ–પર્યાયોને પ્રાપ્ત કરે નહિ, તેનાથી તો સદાય જુદો જ છે. પોતે કર્તા થઈને પોતાના ગુણ–પર્યાયોને પ્રાપ્ત કરે, પણ બીજાના ગુણ–પર્યાયોનો કર્તા આત્મા થઈ શકે નહિ, તેને પોતામાં પ્રાપ્ત કરી શકે નહિ.

અને આત્માના ગુણ–પર્યાયોને આત્મા પોતે પ્રાપ્ત કરે છે, કોઈ બીજાું તેને પ્રાપ્ત કરતું નથી, અથવા કોઈ બીજા વડે તે પ્રાપ્ત કરાતા નથી. પરદ્રવ્ય (નિમિત્ત વગેરે) હોય તો આત્મા પોતાના ગુણ–પર્યાયોને પામી શકે એવી પરાધીનતા નથી, સ્વયં આત્મદ્રવ્ય

જ એવું છે કે પોતે જ પોતાના ગુણ–પર્યાયોને પામે છે. પોતાના ગુણ–પર્યાયો પાસે આત્મદ્રવ્ય પોતે જાય છે, એટલે તેમાં તન્મય એકરૂપ થઈને પરિણમે છે, પણ આત્મદ્રવ્ય પોતાના ગુણ–પર્યાયથી બહાર બીજામાં ( શરીરાદિમાં ) જતું નથી.

બીજા પ્રકારે દ્રવ્યની વ્યાખ્યા એમ છે કે જે ગુણો પર્યાયો છે તેઓ પોતાના દ્રવ્યને જ પ્રાપ્ત કરે છે, પણ કોઈ બીજાને ( નિમિત્તો વગેરેને ) તે પ્રાપ્ત કરતા નથી. પર્યાય એક વખતે એક હોય છે ને ગુણો એક સાથે અનંત હોય છે.–એ બધા ગુણ–પર્યાયો દ્રવ્યને પ્રાપ્ત કરે છે. એટલે એક વસ્તુની પર્યાયો કોઈ બીજા વડે પમાય એમ નથી. પોતાની પર્યાય ( અશુદ્ધ કે શુદ્ધ ) તેના વડે પોતાનું દ્રવ્ય પમાય, પણ તે પર્યાય વડે ( જ્ઞાનવડે કે રાગવડે ) કોઈ બીજાને આત્મા પ્રાપ્ત કરી શકે એમ નથી.

આત્માના જ્ઞાનાદિગુણો ને શ્રુતજ્ઞાનાદિ પર્યાયો તે કોને પ્રાપ્ત કરે ? કે પોતાના આત્મદ્રવ્યને જ તે પ્રાપ્ત કરે છે. તે પર્યાય કાંઈ બીજી પર્યાયને પ્રાપ્ત કરતી નથી, પણ દ્રવ્યને જ પ્રાપ્ત કરે છે–તેમાં તન્મય થઈને પરિણમે છે. એટલે પર્યાયના આધારે બીજી પર્યાય થતી નથી કેમકે પર્યાય તે બીજી પર્યાયને પામતી નથી પણ તે તે કાળે દ્રવ્યને જ પામે છે. વર્તમાન સમયની પર્યાય વર્તમાન વર્તતા દ્રવ્યને પ્રાપ્ત કરે છે, બીજા સમયની પર્યાય તે વખતના દ્રવ્યને પ્રાપ્ત કરશે. પર્યાયો ભલે એક પછી એક થાય છે, પણ દરેક પર્યાય તે તે સમયે સ્વદ્રવ્યને પ્રાપ્ત કરે છે. પર્યાય જડ હો કે ચેતન, અશુદ્ધ હો કે શુદ્ધ–તેના વડે દ્રવ્ય પમાય છે, પોતપોતાના દ્રવ્યમાં તે જાય છે, બીજા પાસે જતી નથી. પર્યાયની એકરૂપતા દ્રવ્ય સાથે છે, બીજાની સાથે નથી. માટે બીજા વડે પર્યાય થતી નથી.

આત્માની કેવળજ્ઞાનપર્યાય પરિણમીને આત્મદ્રવ્યને પ્રાપ્ત કરે છે, પણ તે કેવળજ્ઞાનપર્યાય પરિણમીને દિવ્યધ્વનિને કે સમવસરણને પ્રાપ્ત કરતી નથી.

જુઓ તો ખરા, આ વીતરાગશાસનની અલૌકિક વસ્તુસ્થિતિ ! જિનેન્દ્રદેવના ઉપદેશમાં આવી વસ્તુવ્યવસ્થા છે. આવી વસ્તુવ્યવસ્થા વિચારમાં લેતાં બધા પ્રકારની વિપરીતતા મટી જાય છે ને સમ્યગ્જ્ઞાનની ઉજ્વળતા થાય છે. અહો, આ તો લોકાલોકના પદાર્થનો પ્રકાશક અલૌકિક દીવડો છે. આ ટીકાનું નામ तत्त्वप्रदीपिका છે.–તત્ત્વોનું યથાર્થસ્વરૂપ તે પ્રકાશે છે.

## [ गुणपर्ययवत्द्रव्यं ]

અહીં આચાર્યદેવ કહે છે કે દ્રવ્ય જ ગુણ–પર્યાયોને પ્રાપ્ત કરે છે ને ગુણ–પર્યાયોવડે દ્રવ્ય જ પમાય છે,–એટલે નિમિત્તને લીધે પર્યાય પ્રાપ્ત કરાય એમ નથી.

પર્યાયવડે પર્યાય નથી પમાતી પણ પર્યાયવડે દ્રવ્ય પમાય છે, એટલે પૂર્વ પર્યાયવડે વર્તમાન પર્યાય થઈ એમ નથી. વર્તમાન પર્યાયને વર્તમાનકાળે દ્રવ્યે પ્રાપ્ત કરી છે, ને તે પર્યાયવડે દ્રવ્ય જ પ્રાપ્ત કરાયું છે. આમ તે તે કાળે પોતપોતામાં જ દ્રવ્ય–પર્યાયની સંધિ છે, પણ પરની સાથે તેની સંધિ નથી. આવા નિર્ણયમાં સ્વ–પરનું ભેદજ્ઞાન થઈને સ્વસન્મુખતાવડે સમ્યગ્દર્શનાદિ અપૂર્વ દશા પ્રગટે છે. અહો! વીતરાગમાર્ગે અલૌકિક વસ્તુસ્થિતિ પ્રકાશીત કરી છે.

ગણધરદેવને ચારજ્ઞાનરૂપ પર્યાય છે તે પર્યાયવડે તેમનું આત્મદ્રવ્ય પમાય છે, ને તે પર્યાયને તેમના આત્મદ્રવ્યે પ્રાપ્ત કરી છે, પણ તીર્થંકરદેવવડે તે પર્યાય પ્રાપ્ત કરાતી નથી. ક્ષાયિકસમ્યક્ત્વપર્યાય કેવળી કે શ્રુતકેવળી ભગવાનવડે નથી પમાતી, પણ તે આત્મદ્રવ્ય પોતે પોતાની તે પર્યાયને પ્રાપ્ત કરે છે, ને તે પર્યાયવડે તેનું પોતાનું આત્મદ્રવ્ય પમાય છે.

આત્માની પર્યાયવડે આત્મદ્રવ્ય ઓળખાય, ને જડની પર્યાયવડે જડદ્રવ્ય ઓળખાય.

આત્માની પર્યાયવડે પરદ્રવ્ય ન ઓળખાય, ને પરની પર્યાયવડે આત્મદ્રવ્ય ન ઓળખાય.

દરેક પર્યાય પોતપોતાના દ્રવ્યને જ પ્રસિદ્ધ કરે છે ‘હું આ દ્રવ્યની પર્યાય છું.’

એક દ્રવ્યના ગુણ બીજા દ્રવ્યવડે નથી થતા તેમ એક દ્રવ્યની પર્યાય પણ બીજા દ્રવ્યવડે નથી થતી.

અહો, દ્રવ્ય–ગુણ–પર્યાયસ્વરૂપ વસ્તુ કેટલી સ્વતંત્ર છે! આવું સ્વરૂપ ઓળખે તો પોતાના ગુણ–પર્યાય પોતાના દ્રવ્યમાં શોધે, એટલે સ્વસન્મુખ થાય; ને પરમાં પોતાના ગુણ–પર્યાય ન શોધે એટલે પર સાથે એકતાબુદ્ધિ છૂટે. આ રીતે અપૂર્વ ભેદજ્ઞાન થાય છે.

દ્રવ્ય–ગુણ–પર્યાયનું યથાર્થ સ્વરૂપ ઓળખતાં આખા જગતની વસ્તુસ્થિતિ ઓળખાઈ જાય છે. ભાઈ તારી કેવળજ્ઞાન પર્યાયને તારા દ્રવ્યમાં શોધ, અન્યમાં ન શોધ. તારી સમ્યગ્દર્શનપર્યાયને તારા દ્રવ્યમાં શોધ, અન્યમાં ન શોધ; નિમિત્તમાં ન શોધ, રાગમાં ન શોધ, પૂર્વપર્યાયમાં ન શોધ. કેમકે તારી પર્યાય તારા દ્રવ્યવડે પમાય છે, પરથી નિમિત્તથી રાગથી કે પૂર્વપર્યાયથી તે પમાતી નથી. તારી એક્કેય પર્યાય કે ગુણ એવા નથી કે બીજા વડે તે પમાય; તે તારા સ્વદ્રવ્ય વડે જ પમાય છે,–માટે દેખ તારા દ્રવ્યમાં!

સ્વદ્રવ્યનું અવલોકન કરતાં જ તેના વડે અપૂર્વ આનંદદશા પમાશે.

પીળાશ અને કુંડળ વગેરેથી જુદું સોનું નથી, તેમ ગુણો ને પર્યાયોથી જુદું દ્રવ્ય નથી. દ્રવ્ય પોતે ગુણ–પર્યાયસ્વરૂપ છે, ગુણ–પર્યાયનો આત્મા તે દ્રવ્ય; ગુણપર્યાયાત્મક દ્રવ્ય–એવું તેનું સ્વરૂપ છે. ( गुणपर्ययवत् द्रव्यम्ः તત્ત્વાર્થસૂત્ર )

વસ્તુનો વિસ્તાર ત્રણમાં છેઃ દ્રવ્ય–ગુણ–પર્યાય.

વસ્તુના વિસ્તારમાં પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાય સિવાય બીજું કાંઈ ન આવે; ને આ વસ્તુ વિસ્તરીને બીજા કોઈમાં જાય નહિ. પોતાના ગુણ–પર્યાય દ્રવ્યને પામે, ને દ્રવ્ય–ગુણ–પર્યાયને પામે; બસ, તેમાં વસ્તુનું સર્વસ્વ આવી જાય છે.

તારો વિસ્તાર કેટલો ? કે તારા જ્ઞાનાદિ અનંત ગુણો ને તેની પર્યાયો, તેમાં તારું દ્રવ્ય છે; એ દ્રવ્ય વડે જ પોતાના ગુણ–પર્યાય પ્રાપ્ત કરાય છે, અર્થાત્ દ્રવ્ય પોતાના ગુણ પર્યાયથી જુદું નથી. પરથી જુદું. નિમિત્તથી જુદું, પણ પોતાની પર્યાયથી જુદું નહિ. પર્યાયની પ્રાપ્તિ પર્યાયમાંથી નથી, પર્યાયની પ્રાપ્તિ દ્રવ્ય વડે જ છે. બસ, આવો નિર્ણય કરતાં પર્યાયબુદ્ધિ ન રહી, એટલે તે કાળે દ્રવ્ય વડે નિર્મળ પર્યાય પ્રાપ્ત થઈ છે.

આ રીતે અરિહંતદેવના માર્ગમાં દ્રવ્ય–ગુણ–પર્યાયનું યથાર્થ સ્વરૂપ ઓળખતાં જરૂર મોહનો નાશ થઈને સમ્યગ્દર્શનાદિ થાય છે.

**જયવંતવર્તો...જિનેશ્વરોનો આવો માર્ગ.**

હે જીવ ! આવો જિનમાર્ગ પામીને તું પરમ ઉદ્યમ કર.

## મરણ ટાણે આનંદ

મરણ ટાણે કોઈ શરણ નથી.......પણ જો મરણ આવ્યા પહેલાં શરણભૂત સ્વભાવને શોધી લ્યે તો આનંદપૂર્વક દેહ છૂટે. એને મરણ ટાણે દુઃખ નથી, મરણ ટાણે આનંદ છે. દેહથી ભિન્ન આત્માને જાણ્યો ત્યાં મરણ પોતાનું છે જ ક્યાં ? પછી મરણનો ભય કેવો ?

ભાઈ, અત્યારે પણ આત્માને કોણ શરણ છે? પોતાના સ્વભાવ સિવાય બીજું કોઈ શરણ નથી. અત્યારે, કે મરણ ટાણે, કે મરણ પછી બીજા ભવમાં, જીવને પોતાના નિજાનંદસ્વરૂપ ચૈતન્ય જ શરણરૂપ છે, બીજું કોઈ શરણરૂપ નથી–આવું ભાન કરે તેને અશરણપણે દેહ ન છૂટે પણ આનંદનું વેદન કરતાં કરતાં દેહ છૂટી જાય...ને સમાધિમરણપૂર્વક આરાધના સાથે લઈને ચાલ્યો જાય.

# * * * ત્રણ રત્નોની કિંમત સમજીએ * * *

સંસારમાં અનંતાનંત જીવોમાંથી અસંખ્યાતજીવો જ મનુષ્ય હોય છે એટલે ત્રિરાશીને હિસાબે ગણતાં અનંતજીવોમાંથી માત્ર એકજીવ મનુષ્ય થાય.

આવું દુર્લભ મનુષ્યપણું છે. દ્રષ્ટિગોચર ક્ષેત્રમાં રહેલા કરોડો–અબજો મનુષ્યોમાં પણ મોટા ભાગના મનુષ્યો તો માંસ–દારૂ ને મધ જેવા અભક્ષ્ય–સેવનના પાપસમુદ્રમાં એવા ડુબેલા છે કે જેને ધર્મના શ્રવણ જેટલા વિશુદ્ધપરિણામ જ નથી.

હવે બાકી રહેલા થોડાઘણા મનુષ્યોમાંથી પણ મોટા ભાગને તો કુદેવ–કુગુરુ–કુધર્મના સેવનનું એવુ ભૂત વળગ્યું છે કે કોઈ પણ જાતની વિવેકબુદ્ધિ વગર ગાંડાની માફક ગમે તે ક્રિયામાં ધર્મ મનાવી રહ્યા છે. અરે, જ્યાં તીર્થંકર ભગવાનના માર્ગની ધમધોકાર પ્રરૂપણા ચાલે છે એવા સોનગઢની નજીકમાં તેમજ સૌરાષ્ટ્રના અન્ય શહેરોમાં ને બીજે પણ ધર્મના નામે લાખો લોકોને ગૃહીત–મિથ્યાત્વનું જે ભૂત વળગેલું દેખાય છે ત્યારે એમ થાય છે કે અરેરે! આ જીવો મનુષ્યપણું તો પામ્યા પણ એમને પંચપરમેષ્ઠી ભગવાનનું નામ પણ સાંભળવા ન મળ્યું...ગૃહીતમિથ્યાત્વના ભૂતે એમને ભરમાવ્યા. ધન્ય છે જગતમાં પંચપરમેષ્ઠી ભગવંતો,–કે જેમની ભક્તિરૂપ મંત્રના પ્રભાવે ગૃહીતમિથ્યાત્વનું ભૂત આત્માની પાસે પણ આવી શકતું નથી.

વહાલા સાધર્મી બંધુઓ! જગતમાં અનેકવિધ કુધર્મો તો સદાય રહેવાના જ છે કેમકે નરકાદિ ગતિ પણ સદાય ભરેલી જ રહેવાની છે, આપણે એવા કુધર્મો સાથે કાંઈ નીસ્બત નથી. પરંતુ કુધર્મના દરિયાની વચ્ચે પણ આપણને ભવસમુદ્રથી તારીને આત્માનો આનંદ દેનારા જે "ત્રણ રત્નો" મળ્યા છે–તે જગતમાં સર્વશ્રેષ્ઠ છે. આપણને મળેલા એ વીતરાગી રત્નોને આપણે ઓળખીએ...જીવની જેમ એનું જતન કરીએ, ને એમના જેવું આપણું જીવન બનાવીએ..તે માટે જરાય પ્રમાદી ન થઈએ, ને પરમ બહુમાનપૂર્વક આ સાચા ત્રણ રત્નને સેવીએ...એવી ભાવનાથી અહીં પ્રાસંગિક ઉલ્લેખ કર્યો છે. આપણા વીતરાગી અર્હન્તદેવ, આપણા વીતરાગી નિર્ગ્રંથ ગુરુઓ અને આપણા વીતરાગીશાસ્ત્રો એ જગતમાં સર્વશ્રેષ્ઠ, સત્ય અને આત્મહિત માટે રત્નત્રય દેનારા છે...તેનું જ સેવન કરો...ને એ સિવાય બીજા માર્ગ તરફ ભૂલેચૂકે જરાય ઝાંખીને પણ ન જુઓ.

જયવંત વર્તો એ 'ત્રણ રત્નો'.......કે જે 'ત્રણરત્નના દાતાર' છે.

**દેવ-શાસ્ત્ર-ગુરુ રતન શુભ તીન રતન કરતાર**

# 卐 ધર્માત્મા સ્વભાવ ઉપર દ્રષ્ટિના બળે જ્ઞાનને પોષે છે 卐

તારણસ્વામીના સાહિત્ય ઉપર પૂ. ગુરુદેવના અષ્ટપ્રવચન (બીજા) માંથી થોડોક સાર ગતાંકમાં આપેલો, તેનો બીજો ભાગ અહીં આપીએ છીએ. કાચબી પોતાના ઈંડાને માત્ર દ્રષ્ટિવડે જ સેવે છે–એ દ્રષ્ટાંત દ્વારા ધર્માત્માની શુદ્ધદ્રષ્ટિનું મહત્ત્વ બતાવ્યું છે, તે વાત પૂ. ગુરુદેવે ઘણી સરસ રીતે આ પ્રવચનમાં સમજાવી છે.

卐

શ્રાવકાચારની ગા. ૪૦૦માં કાચબીનું દ્રષ્ટાંત આપીને કહે છે કે જેમ કાચબી દ્રષ્ટિવડે જ ઈંડાને સેવે છે, તેની નજર ઈંડા ઉપર ચોંટી છે. નિરંતર તેનું ધ્યાન રહે છે ને એ રીતે ઈંડું વધે છે, તેમ ધર્માત્માએ પાંચઇન્દ્રિયો તરફથી ઉપયોગને સંકોચી લીધો છે ને અંતરમાં શુદ્ધબોધિબીજસ્વભાવ ઉપર સમ્યગ્દર્શનરૂપી દ્રષ્ટિને એકાગ્ર કરી છે, નજરની મીટ શુદ્ધઆત્મા ઉપર માંડી છે, આવી શુદ્ધ દ્રષ્ટિના બળે તેનું જ્ઞાન વૃદ્ધિગત થતું જાય છે. અનેક પ્રકારનું પઠનપાઠન, અનેક પ્રકારની દાનાદિ ક્રિયાઓ, તેના વડે દર્શનશુદ્ધિ થતી નથી, અને દર્શનશુદ્ધિ વગરની તે બધી ક્રિયાઓ વૃથા છે. શુદ્ધઆત્મા ઉપર દ્રષ્ટિ હોવા છતાં ધર્મીનેય ભગવાનની પૂજા–ભક્તિ વગેરે શુભભાવો આવે છે. પણ તેને તે મોક્ષમાર્ગ માનતા નથી. પુણ્યબંધનું કારણ જાણે છે. શુદ્ધાત્માના અનુભવના પ્રતાપે તેનું જ્ઞાન વધતું જાય છે.–બહારનું જાણપણું વધવાની આ વાત નથી પણ અંદર સ્વભાવને પકડવાની જ્ઞાનશક્તિ વધતી જાય છે. શાસ્ત્રાદિનું જાણપણું તે વ્યવહારું જ્ઞાન છે; પોતાના સ્વભાવને જાણવો તે પરમાર્થજ્ઞાન છે, ને તે સ્વભાવના અવલંબને જ કેવળજ્ઞાન થાય છે.

જુઓ, 'શ્રાવકાચાર' માં શ્રાવકને માટે પણ આવો જ ઉપદેશ આપ્યો કે હે શ્રાવક! તારું જ્ઞાન પણ અંદરથી વધે છે, બહારથી નથી આવતું. દ્રષ્ટિના પ્રભાવથી જ્ઞાનની વૃદ્ધિ થાય છે. જેમ કાચબીની નજર ઈંડા ઉપર છે તેમ સમ્યગ્દ્રષ્ટિનું લક્ષ જ્ઞાનસ્વભાવ ઉપર છે. જેના આત્મામાં સમ્યગ્દર્શન વિદ્યમાન છે તે સમ્યકદ્રષ્ટિરૂપી ચક્ષુદ્વારા શ્રુતજ્ઞાનરૂપ ઈંડાને પોષીને સ્વયં કેવળજ્ઞાન પ્રગટ કરે છે. જુઓ, સમ્યગ્દ્રષ્ટિ સાધુને શાસ્ત્ર ભણ્યા વગર અંતરથી જ્ઞાનસ્વભાવના અવલંબને બાર અંગનું જ્ઞાન ઉઘડી જાય છે; પુસ્તકોના ભણતરથી કાંઈ બાર અંગનું જ્ઞાન ન ખીલે. પંખી તો

પાંખની હૂંફ વડે ઈંડાને પોષે છે, પણ કાચબી તો વગર-પાંખે માત્ર દ્રષ્ટિના બળે ઈંડાને પોષે છે. તેમ સમ્યગ્દ્રષ્ટિ જીવ વગર-પાંખે એટલે વગરપઢયે દ્રષ્ટિના બળે પોતાના જ્ઞાનબીજને પોષે છે. શુદ્ધાત્મામાં દ્રષ્ટિથી તેને ભાવશ્રુત વધતું જાય છે. બાર અંગનું જ્ઞાન બહારથી ભણાતું નથી પણ અંદરથી જ ખીલે છે, અને તે પણ શુદ્ધાત્મા ઉપર જેને દ્રષ્ટિ હોય તેને જ ખીલે છે. મિથ્યાદ્રષ્ટિને બાર અંગનું જ્ઞાન કદી ખીલતું નથી. ભલે, ભક્તિ-પૂજા-સ્વાધ્યાયના શુભભાવ હો, પણ તેની કિંમત કેટલી ? કે પુણ્ય બંધાય એટલી; પણ તેનાથી મોક્ષમાર્ગ ન મળે. મોક્ષમાર્ગરૂપ ધર્મ તે તો આત્માના નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ વીતરાગ પરિણામ છે.

એકેક આત્મા સર્વજ્ઞસ્વભાવી છે તે સ્વભાવ ઉપર મીટ માંડતાં જ્ઞાનપ્રકાશ વગરપઢયે પણ ખીલતો જાય છે. આવા સ્વભાવની દ્રષ્ટિ કરાવે તે શુદ્ધ ઉપદેશ છે. બહારથી જ્ઞાન પ્રગટવાનું બતાવે તો તે ઉપદેશ શુદ્ધ નથી. પંડિત પઢીપઢીને પઢે પણ અંતરનું તો ભાન નહિ, -એવી અંતરદ્રષ્ટિ વગરની પંડિતાઈ તો કણ વગરના ફોતરાં ખાંડવા જેવી છે.

કાચબીનું ધ્યાન નિરંતર ઈંડા તરફ છે તેમ સમ્યગ્દ્રષ્ટિનું ધ્યાન ( દ્રષ્ટિનું જોર ) નિરંતર સ્વ-ધ્યેય ઉપર છે, તેમાં જ તેની ગાઢ રુચિ છે, તેથી નિરંતર તેનું જ્ઞાન પોષાતું જાય છે. પંખી તો પાંખથી સેવે છે ને કાચબી માત્ર દ્રષ્ટિવડે સેવે છે. તેમ સમ્યગ્દ્રષ્ટિના પરિણામ શુદ્ધાત્મામાં જ રંજાયમાન છે, પોતાના શુદ્ધાત્મા સિવાય બીજા કોઈ પદાર્થ વડે તે રંજિત થતા નથી, દ્રષ્ટિ શુદ્ધાત્મા વડે જ રંગાયેલી ( રંજિત ) છે; આવી અંતરદ્રષ્ટિ વડે તે જ્ઞાનને સેવે છે. વગર ભણ્યે, વગર વાંચ્યે અંદરની નિર્વિકલ્પ શુદ્ધદ્રષ્ટિ વડે જ તેનું જ્ઞાન વધ્યા કરે છે. આત્માનું સ્વસંવેદન કરવારૂપ જ્ઞાન-શક્તિ દિનપ્રતિદિન જ્ઞાનીને વધતી જાય છે. આવું જ્ઞાન ને આવી દ્રષ્ટિવાળા અસંખ્યાતા તિર્યંચજીવો પંચમગુણસ્થાને બિરાજી રહ્યા છે; નરકમાં ને સ્વર્ગમાંય આવી દ્રષ્ટિવાળા અસંખ્યાતા જીવો ચોથાગુણસ્થાને વર્તી રહ્યા છે. તિર્યંચને શાસ્ત્રની ભાષા વાંચતાં-લખતાં કે બોલતાં ભલે ન આવડે પણ અંદરમાં અપૂર્વ ભાવશ્રુતવડે શુદ્ધાત્મા તેણે પકડી લીધો છે, સ્વજ્ઞેયને જાણી લીધું છે. પરજ્ઞેયસંબંધી જ્ઞાન ઓછું-વધતું હો તે જુદી વાત છે, પણ સ્વજ્ઞેયને પકડવારૂપ અચિંત્યજ્ઞાનશક્તિ જ્ઞાનીને વધતી જ જાય છે. એ કાંઈ લખ્યામાં ન આવે. જુઓ, કેવળજ્ઞાન થયા પછી મહાવીર ભગવાનની વાણી રાજગૃહીમાં વિપુલાચલ પર સમવસરણમાં પહેલીવાર નીકળી ને ગૌતમ ગણધરે તે સાંભળી, પછી બે ઘડીમાં બારઅંગની રચના કરી. લખ્યે-વાંચ્યે એ બાર અંગનો પાર ન આવે. જેમ અત્યારે ભણતરમાં પુસ્તકો ગોખીગોખીને શીખે

છે, તેમ બારઅંગ કાંઈ પુસ્તક વાંચીને નથી ભણાતા, એ તો અંદરથી ચૈતન્યદરિયો ઉલ્લસીને બારઅંગનું જ્ઞાન ખીલી જાય છે. અહા, અગાધ ચૈતન્યસાગર પાસે તો બારઅંગનું જ્ઞાન પણ એક નાના તરંગ જેવું છે; એનાથી અનંતગણી તાકાત કેવળજ્ઞાનમાં છે. પણ એ જ્ઞાન બહારના સાધનોથી નથી થતું. જેમ બહારથી પાણી રેડીને દરિયામાં ભરતી લાવી શકાતી નથી, દરિયો પોતે મધ્યબિંદુથી ઉલ્લસતાં ભરતી આવે છે. તેમ ચૈતન્યસમુદ્ર–આત્મામાં ઇન્દ્રિયો દ્વારા કે રાગદ્વારા જ્ઞાનની ભરતી લાવી શકાતી નથી, જ્ઞાન પોતે પોતામાં એકાગ્ર થઈને મધ્યબિંદુથી ઉલ્લસતાં કેવળજ્ઞાનની ભરતી આવે છે; અથવા સમ્યગ્દર્શનરૂપી ચંદ્રમાવડે શ્રુતનો સાગર ઉછળે છે. અને જેમ સૂર્યનો તીવ્રતાપ પણ સમુદ્રની ભરતીને રોકી શકતો નથી, તેમ પ્રતિકૂળતાના ગંજ પણ જ્ઞાનના વિકાસને રોકી શકતા નથી, શુદ્ધદ્રષ્ટિના બળે પોતે પોતામાં એકાગ્ર થઈને જ્ઞાનદરિયો ઉછળવા લાગ્યો તેને કોઈ રોકી શકે નહિ. આત્માની શુદ્ધદ્રષ્ટિ વગરના જ્ઞાનને જ્ઞાન કહેતા નથી. કેમકે તેની એકાગ્રતા જ્ઞાનમાં નથી, તે તો રાગમાં એકાગ્ર થઈને વર્તે છે. એવા બહારના જાણપણાની મોક્ષમાર્ગમાં કાંઈ કિંમત નથી. જે જ્ઞાન અંતર્મુખ થઈને પોતાના આત્માને ન સાધે એની શી કિંમત!–એને તે જ્ઞાન કોણ કહે? શુદ્ધદ્રષ્ટિવડે જ જ્ઞાનનો પાર પમાય છે, ને મોક્ષમાર્ગ સધાય છે. દર્શનહિન જીવ તપ વગેરે ક્રિયા કરીને પણ (हिंडंति संसारे) સંસારમાં જ ભમે છે–એમ તારણસ્વામીએ પણ કહ્યું છે.

આત્મા જિનસ્વરૂપ છે, અરિહંત જેવો જ એનો સ્વભાવ છે; આવા વિમલસ્વભાવના અવલંબન વડે કર્મબંધનનો ક્ષય કરીને આત્મા સ્વયં અનંત ચતુષ્ટયસહિત સિદ્ધિ–સંપદા પ્રાપ્ત કરે છે.

જુઓ, આ શુદ્ધઉપદેશ! અહો! સિદ્ધ જેવો એક પ્રકારનો મારો સ્વભાવ છે, સિદ્ધમાં ને મારામાં કાંઈ ફેર નથી;–આવો શુદ્ધઉપદેશ ભગવાને આપ્યો છે. (–'સર્વ જીવ છે સિદ્ધસમ........જે સમજે તે થાય') શ્રીમદ્‌રાજચંદ્ર પણ કહે છે કે–

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ
બીજું કહીએ કેટલું? કર વિચાર તો પામ.

આવા પોતાના શુદ્ધ સ્વરૂપને ઓળખવું તે ભગવાનના ઉપદેશનો સાર છે; સિદ્ધમાં જેમ રાગાદિ નથી તેમ મારા સ્વભાવમાં પણ રાગાદિ નથી; સિદ્ધ ભગવાનને સ્વભાવના આશ્રયે કર્મ–બંધન છૂટીને સિદ્ધદશા પ્રગટ થઈ છે, તેમ મને પણ મારા

સ્વભાવના આશ્રયે સિદ્ધદશા થાય છે. આ જ સિદ્ધપદ પામવાની રીત છે. આવા માર્ગનો ઉપદેશ કરવો તે સાચો ઉપદેશ છે. બાકી અજ્ઞાની જીવ લોકોની અનુકૂળતા મેળવવા ખાતર રાગના પોષણનો ઉપદેશ આપે છે એમાં તો જનરંજનની કથા છે, જનરંજન માટેની વિકથા છે. એવા ઉપદેશથી લાભ મનાવનારા જીવો તો જિનદ્રોહી છે,–જિનશાસનના વેરી છે. રાગને મોક્ષનું સાધન કહેવું તે તો સમ્યગ્દર્શનથી વિરુદ્ધ એવી વિકથા છે, એ વાત આ ઉપદેશશુદ્ધસારમાં તારણસ્વામીએ લખી છે. રાગથી ધર્મ મનાવીને વિકથા દ્વારા જનરંજન કરે છે તેને જિનવરદેવે ‘જિનદ્રોહી’ કહ્યા છે, તે જિનમાર્ગના ઉપાસક નથી પણ દ્રોહ કરનારા છે, અને તે દુર્ગતિમાં પડે છે.

વિજ્ઞાનઘન એવો જે આત્મા તેના જ્ઞાનથી જે રહિત છે તે જીવો રાગમાં જ રક્ત વર્તતા થકા જનરંજન કરે છે, પણ આત્મરંજન–આત્માને કેમ રાજી કરવો–તેની તેને ખબર નથી, અને જિનમાર્ગના નામે ગરબડ ચલાવે છે, તે જિનમાર્ગના દ્રોહી છે. એનું ફળ તો નરકાદિનાં મહાન દુઃખ છે. માટે એનાથી બચવા તું સિદ્ધ જેવા તારા આત્માને જાણ–એમ ભગવાનનો ઉપદેશ છે.

( **નોંધઃ-** આ લેખમાં આપવામાં આવેલ કાચબીનું દ્રષ્ટાન્ત સૌરાષ્ટ્રમાં પ્રસિદ્ધ નથી; પણ બુંદેલખંડમાં તે પ્રકારનું દ્રષ્ટાંત ચાલતું હશે તેથી તારણસ્વામીના પુસ્તકમાં તેનો ઉલ્લેખ છે. દ્રષ્ટાંત દ્વારા ધર્માત્માની દ્રષ્ટિ સમજાવવી તે તાત્પર્ય છે. )

## ‘‘પારસનાથ !’’

દસબાર વર્ષની બે બહેનો; તેમાં એકવાર મોટી બહેને નાની બહેનના હાથમાં ખાવાની કંઈક વસ્તુ આપી; નાની બહેન તે હાથમાં લેતાં કંઈક શબ્દ બોલી; તેની સામે મોટીબહેને પણ એ જ શબ્દ કહ્યો, ત્યારપછી નાની બહેને તે વસ્તુ ખાધી. આ વિધિ સમજાણી નહિ, એટલે પૂછતાં ખુલાસો કર્યો કે બંને બહેનો ‘પારસનાથ’ એમ બોલી હતી. કેમકે તે બહેને એવો નિયમ રાખ્યો છે કે કંઈપણ વસ્તુ ખાતાં કે પાણી પીતાં પણ, પહેલાં ભગવાનનું નામ પોતે લ્યે, અને તે જ પ્રમાણે સામી કોઈ વ્યક્તિ પણ ભગવાનનું નામ લ્યે, ત્યાર પછી જ પોતે ખાય કે પીએ. કોઈવાર પોતે એકલી હોય ને સામે ભગવાનનું નામ લેનાર બીજું કોઈ હાજર ન હોય તો ત્યાંસુધી તે ખાય–પીએ નહિ. તે મુંબઈમાં રહે છે. આખા દિવસમાં ગમે ત્યારે પાણી પીવું હોય તોપણ એ રીતે પરસ્પર ભગવાનનું નામ લઈને જ પીએ. કેવી મજાની વાત !

## પુનરાવર્તન

અહીં રજુ કરેલા દશ પ્રશ્નોના જવાબ આત્મધર્મના ગતાંકમાં
(અંક ૩૦૨ માં સમાયેલા છે...તે શોધી કાઢો)

(૧) 'આત્મરસ' માં શું-શું સમાય છે?

(૨) આત્માનો તારણહાર કોણ?-તેનું દ્રષ્ટાંત શું?

(૩) તીર્થંકરોનો માર્ગ બતાવનારી ત્રણ ગાથા ગુરુદેવને અત્યંત પ્રિય છે, તે કઈ?

(૪) આપણને કોના જેવા થવાનું ગમે?

(૫) સાચું णमो अरिहंताणं કરવું હોય તો આપણે શું કરવું જોઈએ?

(૬) માતા બાળકને શિખામણ આપે છે, તેમાં સૌથી પહેલી વાત શું કહે છે?

(૭) ઉમરાળાનગરીના ઉજમબા-સ્વાધ્યાય ગૃહની દીવાલ પર શું લખ્યું છે?

(૮) મોક્ષને માટે એક મહાન રાજાની સેવા કરવાનું કહ્યું છે, તે ક્યા રાજા?

(૯) એક છોકરાને સીનેમા જોવા જવું હતું પણ તે ન ગયો,-શા માટે?

(૧૦) ગતાંકના એક ભાવવાહી ચિત્રમાં ચારગતિનાં દુઃખથી છૂટીને મોક્ષસુખ પ્રાપ્ત કરવાનો માર્ગ, એક મુનિરાજ દેખાડી રહ્યા છે...અને તે મોક્ષના માર્ગમાં બીજા મુનિઓ જઈ રહ્યા છે. તો તે ચિત્રમાં બધા મળીને કેટલા મુનિ છે?

☆ ☆ ☆

### ગતાંકના પાંચ પ્રશ્નોના ઉત્તર

(૧) જગતમાં આરાધક જીવો ઝાઝા કે આરાધ્ય જીવો ઝાઝા?

આરાધ્ય જીવો ઝાઝા, કેમકે જગતમાં આરાધક જીવો તો અસંખ્યાતા છે, ને આરાધ્ય એવા સિદ્ધપદ પામેલા જીવો અનંત છે; એટલે આરાધક કરતાં આરાધ્ય જીવોની સંખ્યા અનંતગુણી છે.

(૨) પંચપરમેષ્ઠીમાં સૌથી ઝાઝી સંખ્યા કોની?

પંચપરમેષ્ઠીમાં સિદ્ધ ભગવંતો સૌથી વધુ છે. સિદ્ધ ભગવંતો અનંતા છે. અરિહંત ભગવંતો (સંયોગકેવળી જિન) સંખ્યાતા (આઠ લાખ અઠ્ઠાણું હજાર પાંચસો બે)

છે. આચાર્ય–ઉપાધ્યાય–સાધુ ત્રણે થઈને નવ કરોડમાં થોડા ઓછા છે. (પાંચમા અને ચોથા ગુણસ્થાનવાળા જીવો અસંખ્યાત છે)

(૩) જગતમાં ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિ જીવો કેટલા ?–અનંતા.

(૪) સમયસારમાં અધિકાર કેટલા ? તેનાં નામ ?

સમયસારમાં નવ અધિકાર, તેનાં નામ–(૧) જીવ–અજીવ અધિકાર (૨) કર્તાકર્મ (૩) પુણ્ય–પાપ (૪) આસ્રવ (૫) સંવર (૬) નિર્જરા (૭) બંધ (૮) મોક્ષ અને (૯) સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. (કુલ ગાથા ૪૧૫)

(૫) 'ક' ઉપર નામવાળા તીર્થંકર કેટલા (૨૪ માંથી) ? એક. કુંથુનાથ ભગવાન.

# ભગવાનની કથા

પ્રશ્નઃ– જૈનકથાનુયોગમાં (પ્રથમાનુયોગમાં) આત્માના અનુભવની વાત હોય ? (સ. નં. ૨૨૨૨)

ઉત્તરઃ– હા, જૈનકથાઓમાં પણ તીર્થંકરાદિ મહાપુરુષોના અનેક ભવનું વર્ણન હોય છે તેમાં, તે આત્માઓ જ્ઞાન પામ્યા પહેલાં કેવા હતા, પછી કોના ઉપદેશથી કેવા પ્રકારે આત્મજ્ઞાન પામ્યા, ને પછી આત્મિક વિકાસ કરીને કઈ રીતે પરમાત્મા થયા–તે બધાનું અદ્‌ભુત વર્ણન હોય છે–કે જે આપણને તેવા જ્ઞાનની પ્રેરણા આપે છે. બીજું, એ લક્ષમાં રાખવું કે જૈનધર્મના કથાનુયોગમાં બીજા ત્રણ (દ્રવ્યાનુયોગ વગેરે) અનુયોગોનું કથન પણ ગર્ભિતપણે સમાયેલું જ હોય છે. આત્માની સાધના કરનારા જીવોનું ઉદાહરણ આપીને કથાનુયોગ તે વાત આપણને સમજાવે છે. ભગવાને કેવો ઉપદેશ આપ્યો, અનેક જીવો સમ્યગ્દર્શનાદિ કઈ રીતે પામ્યા, કેવા કેવા પ્રસંગોમાં વૈરાગ્ય પામી જીવો મુનિ થયા, ને કેવી રીતે કેવળજ્ઞાન પ્રગટ કર્યું–એ બધાનું વર્ણન કથાનુયોગમાં ભર્યું છે. જૈનધર્મની કથા એ તો ભગવાનની કથા છે ને! એ તો આત્માને ભગવાન થવાનો ઉપદેશ આપે છે.

# સમ્યગ્દર્શન માટે પ્રાપ્ત થયેલો સોનેરી અવસર

( મોહના ક્ષયનો અમોઘ ઉપાય )

અહા, જે ઉપાય ઉલ્લાસથી સાંભળતાં પણ મોહબંધન ઢીલા પડવા માંડે....અને જેનું ઊંડું અંતર્મંથન કરતાં ક્ષણવારમાં મોહ ક્ષય પામે એવો અમોઘ ઉપાય સન્તોએ દર્શાવ્યો છે. જગતમાં ઘણો જ વિરલ ને ઘણો જ દુર્લભ એવો જે સમ્યક્ત્વાદિનો માર્ગ, તે આ કાળે સન્તોના પ્રતાપે સુગમ બન્યો છે...એ ખરેખર મુમુક્ષુ જીવોના કોઈ મહાન સદ્ભાગ્ય છે. આવો અલભ્ય અવસર પામીને સંતોની છાયામાં બીજું બધું ભૂલીને આપણે આપણા આત્મહિતના પ્રયત્નમાં કટિબદ્ધ થઈએ.

સ્વભાવની સન્મુખતા વડે રાગ-દ્વેષ-મોહનો ક્ષય કરીને જેઓ સર્વજ્ઞ અરિહંત પરમાત્મા થયા, તેમણે ઉપદેશેલો મોહના નાશનો ઉપાય શું છે? તે અહીં આચાર્યદેવ બતાવે છે. પહેલાં એમ બતાવ્યું કે ભગવાન અર્હંતદેવનો આત્મા દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેથી શુદ્ધ છે, એમના આત્માના શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખીને, પોતાના આત્માને તેની સાથે મેળવતાં, જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન થઈને, સ્વભાવ અને પરભાવનું પૃથક્કરણ થઈને, જ્ઞાનનો ઉપયોગ અંતરસ્વભાવમાં વળે છે, ત્યાં એકાગ્ર થતાં ગુણ-પર્યાયના ભેદનો આશ્રય પણ છૂટી જાય છે, ને ગુણભેદનો વિકલ્પ છૂટીને, પર્યાય શુદ્ધાત્મામાં અંતર્લીન થતાં મોહનો ક્ષય થાય છે.

એ રીતે ભગવાન અર્હંતના જ્ઞાનદ્વારા મોહના નાશનો ઉપાય બતાવ્યો; હવે એ જ વાત બીજા પ્રકારે બતાવે છે-તેમાં ભગવાને કહેલા શાસ્ત્રના જ્ઞાનદ્વારા મોહના નાશની રીત બતાવે છેઃ પ્રથમ તો જેણે પ્રથમ ભૂમિકામાં ગમન કર્યું છે એવા જીવની વાત છે. સર્વજ્ઞભગવાન કેવા હોય? મારો આત્મા કેવો છે? મારા આત્માનું સ્વરૂપ સમજીને મારે

મારું હિત કરવું છે-એવું જેને લક્ષ હોય તે જીવ મોહના નાશને માટે શાસ્ત્રનો અભ્યાસ ક્યા પ્રકારે કરે? તે બતાવે છે. તે જીવ સર્વજ્ઞોપજ્ઞ એવા દ્રવ્યશ્રુતને પ્રાપ્ત કરીને, એટલે કે ભગવાનના કહેલા સાચા આગમ કેવા હોય તેનો નિર્ણય કરીને, પછી તેમાં જ ક્રીડા કરે છે...એટલે આગમમાં ભગવાને શું કહ્યું છે-તેના નિર્ણય માટે સતત અંતરમંથન કરે છે. દ્રવ્યશ્રુતના વાચ્યરૂપ શુદ્ધઆત્મા કેવો છે તેનું ચિંતન-મનન કરવું-એનું જ નામ દ્રવ્યશ્રુતમાં ક્રીડા છે.

દ્રવ્યશ્રુતના રહસ્યના ઊંડા વિચારમાં ઊતરે ત્યાં મુમુક્ષુને એમ થાય કે આહા! આમાં આવી ગંભીરતા છે!! રાજા પગ ધોતો હોય ને જે મજા આવે-તેના કરતાં શ્રુતના સૂક્ષ્મ રહસ્યોના ઉકેલમાં જે મજા આવે-તે તો જગતથી જુદી જાતની છે. શ્રુતના રહસ્યના ચિંતનનો રસ વધતાં જગતના વિષયોનો રસ ઊડી જાય છે. અહો, શ્રુતજ્ઞાનના અર્થના ચિંતનવડે મોહની ગાંઠ તૂટી જાય છે. શ્રુતનું રહસ્ય જ્યાં ખ્યાલમાં આવ્યું કે અહો, આ તો ચિદાનંદસ્વભાવમાં સ્વસન્મુખતા કરાવે છે...વાહ! ભગવાનની વાણી! વાહ. દિગંબર સંતો! -એ તો જાણે ઉપરથી સિદ્ધભગવાન ઊતર્યા! અહા ભાવલિંગી દિગંબર સંતમુનિઓ!-એ તો આપણા પરમેશ્વર છે, એ તો ભગવાન છે. ભગવાન શ્રી કુંદકુંદાચાર્ય, પૂજ્યપાદસ્વામી, ધરસેનસ્વામી, વીરસેનસ્વામી, જિનસેનસ્વામી, નેમિચંદ્રસિદ્ધાંતચક્રવર્તી, સમન્તભદ્રસ્વામી, અમૃતચંદ્રસ્વામી, પદ્મપ્રભસ્વામી, અકલંકસ્વામી, વિદ્યાનંદસ્વામી, ઉમાસ્વામી, કાર્તિકેયસ્વામી એ બધાય સન્તોએ અલૌકિક કામ કર્યા છે. શુદ્ધ આત્માના પ્રચુર સ્વસંવેદનપૂર્વક તેમની વાણી નીકળી છે.

અહા! સર્વજ્ઞની વાણી અને સન્તોની વાણી ચૈતન્યશક્તિનાં રહસ્યો ખોલીને આત્મસ્વભાવની સન્મુખતા કરાવે છે. એવી વાણીને ઓળખીને તેમાં ક્રીડા કરતાં, તેનું ચિંતન-મનન કરતાં જ્ઞાનના વિશિષ્ટ સંસ્કાર વડે આનંદની સ્ફુરણા થાય છે, આનંદના ફૂવારા ફૂટે છે, આનંદના ઝરા ઝરે છે. જુઓ, આ શ્રુતજ્ઞાનની ક્રીડાનો લોકોત્તર આનંદ! હજી શ્રુતનો પણ જેને નિર્ણય ન હોય તે શેમાં ક્રીડા કરશે? અહીં તો જેણે પ્રથમ ભૂમિકામાં ગમન કર્યું છે એટલે કે દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય તેની કંઈક ઓળખાણ કરી છે તે જીવ કઈ રીતે આગળ વધે છે ને કઈ રીતે મોહનો નાશ કરીને સમ્યક્ત્વ પ્રગટ કરે છે-તેની આ વાત છે. દ્રવ્યશ્રુતમાં ભગવાને એવી વાત કરી છે કે જેના અભ્યાસથી આનંદના ફૂવારા છૂટે! ભગવાન આત્મામાં આનંદનું સરોવર ભર્યું છે, તેની

સન્મુખતાના અભ્યાસથી એકાગ્રતા વડે આનંદના ફૂવારા ફૂટે છે. અનુભૂતિમાં આનંદના ઝરા ચૈતન્યસરોવરમાંથી વહે છે.

આચાર્યદેવે કહ્યું હતું કે હે ભવ્ય શ્રોતા! તું અમારા નિજવૈભવ–સ્વાનુભવની આ વાતને તારા સ્વસંવેદનપ્રત્યક્ષથી પ્રમાણ કરજે. એકત્વસ્વભાવનો અભ્યાસ કરતાં અંતરમાં સ્વસન્મુખ સ્વસંવેદન જાગ્યું ત્યારે તે જીવ દ્રવ્યશ્રુતના રહસ્યને પામ્યો. જ્યાં એવું રહસ્ય પામ્યો ત્યાં અંતરની અનુભૂતિમાં આનંદના ઝરણાં ઝરવા માંડયા...શાસ્ત્રના અભ્યાસથી, તેના સંસ્કારથી વિશિષ્ટ સ્વસંવેદન શક્તિરૂપ સંપદા પ્રગટ કરીને, આનંદના ફૂવારા સહિત પ્રત્યક્ષાદિ પ્રમાણથી યથાર્થ વસ્તુસ્વરૂપ જાણતાં મોહનો ક્ષય થાય છે. અહો, મોહના નાશનો અમોઘ ઉપાય–કદી નિષ્ફળ ન જાય એવો અફર ઉપાય સંતોએ પ્રસિદ્ધ કર્યો છે.

વિકલ્પ વિનાની જ્ઞાનની વેદના કેવી છે–તેનું અંતર્લક્ષ કરવું તેનું નામ ભાવશ્રુતનું લક્ષ છે. રાગની અપેક્ષા છોડીને સ્વનું લક્ષ કરતાં ભાવશ્રુત ખીલે છે, ને તે ભાવશ્રુતમાં આનંદના ફૂવારા છે. પ્રત્યક્ષ સહિત પરોક્ષ પ્રમાણ હોય તો તે પણ આત્માને યથાર્થ જાણે છે. પ્રત્યક્ષની અપેક્ષા વગરનું એકલું પરોક્ષજ્ઞાન તો પરાલંબી છે. તે આત્માનું યથાર્થ સંવેદન કરી શકતું નથી. આત્મા તરફ ઝૂકીને પ્રત્યક્ષ થયેલું જ્ઞાન, અને તેની સાથે અવિરુદ્ધ એવું પરોક્ષપ્રમાણ, તેનાથી આત્માને જાણતાં અંદરથી આનંદનાં ઝરણાં વહે છે.–આ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનો ને મોહનો નાશ કરવાનો અમોઘ ઉપાય છે.

અરિહંતભગવાનના આત્માને જાણીને, તેવું જ પોતાના આત્માનું સ્વરૂપ ઓળખતાં, જ્ઞાનપર્યાય અંતર્લીન થઈને સમ્યગ્દર્શન થાય છે ને મોહનો ક્ષય થાય છે....પછી તેમાં જ લીન થતાં પૂર્ણ શુદ્ધાત્માની પ્રાપ્તિ થાય છે ને સર્વ મોહનો નાશ થાય છે. બધાય તીર્થંકર ભગવંતો અને મુનિવરો આ જ એક ઉપાયથી મોહનો નાશ કરીને મુક્તિ પામ્યા...ને તેમની વાણીદ્વારા જગતને પણ આ એક જ માર્ગ ઉપદેશ્યો. આ એક જ માર્ગ છે ને બીજો માર્ગ નથી–એમ પહેલાં કહ્યું હતું; ને અહીં ગાથા ૮૬ માં કહ્યું કે સમ્યક્પ્રકારે શ્રુતના અભ્યાસથી, તેમાં ક્રીડા કરતાં તેના સંસ્કારથી વિશિષ્ટ જ્ઞાનસંવેદનની શક્તિરૂપ સંપદા પ્રગટ કરતાં, આનંદના ઉદ્ભેદ સહિત ભાવશ્રુતજ્ઞાન વડે વસ્તુસ્વરૂપ જાણતાં મોહનો નાશ થાય છે. આ રીતે ભાવજ્ઞાનના અવલંબનવડે દ્રઢ પરિણામથી દ્રવ્યશ્રુતનો સમ્યક્ અભ્યાસ તે મોહક્ષયનો ઉપાય છે.–આથી એમ ન સમજવું કે પહેલાં કહ્યો હતો તે ઉપાય અને અહીં કહ્યો તે ઉપાય જુદા પ્રકારનો છે; કાંઈ જુદા જુદા બે

ઉપાય નથી. એક જ પ્રકારનો ઉપાય છે. તે જુદી જુદી શૈલીથી સમજાવ્યો છે. અરિહંતદેવનું સ્વરૂપ ઓળખવા જાય તો તેમાં આગમનો અભ્યાસ આવી જ જાય છે, કેમકે આગમ વગર અરિહંતનું સ્વરૂપ ક્યાંથી જાણશે? અને સમ્યક્ દ્રવ્યશ્રુતનો અભ્યાસ કરવામાં પણ સર્વજ્ઞની ઓળખાણ ભેગી આવે જ છે કેમકે આગમના મૂળ પ્રણેતા તો સર્વજ્ઞ અરિહંતદેવ છે, તેમની ઓળખાણ વિના આગમની ઓળખાણ થાય નહિ.

હવે એ રીતે અરિહંતની ઓળખાણ વડે, કે આગમના સમ્યક્ અભ્યાસ વડે, જ્યારે સ્વસન્મુખજ્ઞાનથી આત્માના સ્વરૂપનો નિર્ણય કરે ત્યારે જ મોહનો નાશ થાય છે. એટલે બંને શૈલીમાં મોહના નાશનો મૂળ ઉપાય તો આ જ છે કે શુદ્ધ ચેતનથી વ્યાપ્ત એવા દ્રવ્ય–ગુણ–પર્યાયસ્વરૂપ શુદ્ધ આત્મામાં સ્વસન્મુખ થવું. અહીં એકલા શાસ્ત્રના અભ્યાસની વાત નથી કરી, પણ 'ભાવશ્રુતના અવલંબનવડે દ્રઢ કરેલા પરિણામથી સમ્યક્ પ્રકારે અભ્યાસ' કરવાનું કહ્યું છે. ભાવશ્રુત ત્યારે જ થાય કે જ્યારે દ્રવ્યશ્રુતના વાચ્યરૂપ શુદ્ધઆત્મા તરફ જ્ઞાનનો ઝુકાવ થાય.-**આવા પ્રકારના દ્રઢ અભ્યાસથી અવશ્ય સમ્યગ્દર્શન થાય છે.**

**એવા સમ્યક્ત્વસાધક સન્તોને નમસ્કાર હો.**

(પ્રવચનસાર ગા. ૮૬ ઉપરના પ્રવચનમાંથી)

## દુઃખ........અને શાંતિ

–કોઈ કોઈ વાર અનેકવિધ દુઃખિયા જીવો પૂ. ગુરુદેવ પાસે આવીને દુઃખ વેદના ઠાલવે છે...

ત્યારે ગુરુદેવ કહે છે : ભાઈ! સંસાર તો દુઃખથી ભરેલો છે, એ દુઃખથી છૂટવું હોય તો તારે આ શુદ્ધ આત્માનો અનુભવ કર્યે જ છૂટકો છે. એના સિવાય તારા લાખ ઉપાય પણ નકામા છે.

અને જ્યાં અંદર એક આત્મા સામે જોયું ત્યાં બહારની લાખ પ્રતિકૂળતા વચ્ચે પણ સમાધાન ને શાંતિ થઈ શકે છે.

# વિ વિ ધ... સ મા ચા ર

*** ગીરનાર-સિદ્ધક્ષેત્રમાં માનસ્તંભનું શિલાન્યાસઃ** ગીરનારની તળેટીમાં દિગંબર જૈનધર્મશાળામાં મુનિસુવ્રત ભગવાનના મંદિરની સન્મુખ બાવનફૂટ ઊંચા માનસ્તંભનું શિલાન્યાસ માગસર સુદ ૧૨ ના રોજ થયું. આ પ્રસંગે ત્યાંની કમિટિના સભ્યો ઉપરાંત સોનગઢથી બ્ર. હરિભાઈ અને મોરબી મુમુક્ષુ મંડળના આગેવાનો પણ જુનાગઢ ગયેલા ને સૌએ શિલાન્યાસવિધિમાં ઉત્સાહથી ભાગ લીધો હતો. નેમિનાથ તીર્થંકર ઉપરાંત બૌંતેર કરોડ ને સાતસો મુનિવરો જ્યાંથી મોક્ષે પધાર્યા એવું આ મહાન સિદ્ધક્ષેત્ર ગીરનારજી તીર્થ–એ સૌરાષ્ટ્રનું મહાન ગૌરવ છે; ને તેની ઉન્નતિમાં સૌરાષ્ટ્રવાસી ભક્તોએ પણ ઉત્સાહથી ભાગ લેવાનું જરૂરી છે. નેમિનાથ તીર્થંકરના ત્રણ કલ્યાણક, ધરસેનસ્વામીની ધ્યાનભૂમિ, અને ષટ્‌ખંડાગમ જિનવાણીની જન્મભૂમિ–એ રીતે દેવ–ગુરુ–શાસ્ત્ર વડે પાવન થયેલ આ તીર્થની યાત્રા કુંદકુંદાચાર્યદેવે પણ કરી હતી...ને ગુરુદેવે પણ અનેકવાર સંઘસહિત આ તીર્થની ભક્તિભીની યાત્રા કરી છે.–જેનાં મધુર સ્મરણો આજે પણ તીર્થરાજ પ્રત્યે આકર્ષણ જગાડે છે. અહીં માનસ્તંભ માટેનો સામાન ૩૫ વર્ષથી આવેલ હતો, સત્તર વર્ષ પહેલાં જ્યારે સોનગઢમાં માનસ્તંભ માટેની તૈયારી ચાલતી હતી ત્યારે આ જુનાગઢનો માનસ્તંભ સોનગઢ માટે લાવવા સંબંધી વાટાઘાટ ચાલેલી. ૩૫ વર્ષ પહેલાં બાવનફૂટ ઊંચા આ માનસ્તંભનો આરસનો સામાન પાંચહજાર રૂા. માં આવ્યો હતો, અત્યારે તો ૬૦ હજારમાં પણ મુશ્કેલીથી બની શકે; માનસ્તંભના ચણતરનું ખર્ચ અંદાજ ૩૫ હજાર થશે. સિદ્ધધામના આ માનસ્તંભમાં વેલાવેલા પ્રભુજી બિરાજે...ને એનાં દર્શન કરીએ..એ જ ભાવના.

જય નેમિનાથ

**ઘાટકોપરમાં દિ. જિનમંદિરનું શિલાન્યાસઃ** જે દિવસે ગીરનારજીની તળેટીમાં માનસ્તંભનું શિલાન્યાસ થયું તે જ દિવસે (માગસર સુદ બારસે) ઘાટકોપરમાં મુમુક્ષુમંડળ દ્વારા દિ. જૈન મંદિરનું શિલાન્યાસ પોરબંદરનિવાસી ભાઈશ્રી મનસુખલાલ ભૂરાલાલ કોઠારી તથા તેમના ભાઈઓના સુહસ્તે થયું. હજારો મુમુક્ષુઓએ આ પ્રસંગે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે દિ. જૈન ચૈત્યાલયથી જિનેન્દ્રદેવની રથયાત્રા શરૂ થઈને જિનમંદિરના પ્લોટમાં આવી હતી. (પ્લોટ નં. ૨૨૭, ૬૦ ફૂટનો રસ્તો, હિંગવાલા લેન, ધનજી દેવશી મ્યુ. સ્કૂલ પાછળ, ઘાટકોપર પૂર્વ) મુંબઈ અને ઘાટકોપરના મુમુક્ષુભાઈઓ ઘણા ઉત્સાહપૂર્વક જિનમંદિર માટે ઝડપી તૈયારી કરી રહ્યા છે...ને મંગલઉત્સવની રાહ જોઈ રહ્યા છે. થોડા જ વખતમાં પ્રભુના પંચકલ્યાણકથી અને ગુરુદેવના ૮૦ મા જન્મોત્સવની ભારતની અલબેલી મુંબઈનગરી શોભી ઊઠશે...મંગલ વધાઈ માટે મુંબઈ અને ઘાટકોપરને અભિનંદન!

*** ભાવનગરમાં દિ. જિનમંદિરનું શિલાન્યાસઃ** ભાવનગરના દિ. જૈન મુમુક્ષુમંડળ દ્વારા માગસર સુદ છઠ્ઠના રોજ માણેકવાડીના નવા પ્લોટમાં દિ. જિનમંદિરના શિલાન્યાસનો ઉત્સવ ઉજવાયો. આ પ્રસંગે સોનગઢથી પૂ. ગુરુદેવ સંઘસહિત પધાર્યા હતા. તેથી ભાવનગરમાં ઘણો ઉલ્લાસ હતો. વહેલી સવારમાં ખાતમુહૂર્ત (પાયો ખોદવાની વિધિ) કુચામનવાળા ભાઈશ્રી હીરાલાલજી કાલાના સુહસ્તે થઈ હતી તથા બપોરે શિલાન્યાસવિધિ પોરબંદરના શેઠશ્રી નેમિદાસ ખુશાલભાઈના સુહસ્તે થઈ હતી. સવારે ગુરુદેવના મંગલપ્રવચનમાં હજારો જિજ્ઞાસુઓએ લાભ લીધો હતો, અને પ્રવચન પછી જિનેન્દ્રભગવાનની ભવ્ય રથયાત્રા શહેરમાં ફરી હતી,–રથયાત્રાની શોભા અને ઉલ્લાસ દેખીને સૌને હર્ષ થતો હતો. શ્વે. જૈનસંઘનો પણ સારો સહકાર હતો. આવું સહકારનું વાતાવરણ ભારતભરમાં પ્રસરે તે ઈચ્છનીય છે. આ મંગલકાર્ય માટે ભાવનગરને ધન્યવાદ!

* મુંબઈના બાલસભ્યોનો મેળાવડો તા. ૨૪–૧૧–૬૮ ના રોજ થયો, તેમાં સો જેટલા સભ્યોએ ભાગ લીધો. પરસ્પર પ્રેમ, ઉત્સાહ ને સંપના આનંદભર્યા વાતાવરણમાં સૌએ ધાર્મિક ભાવનાઓ વ્યક્ત કરી. ધાર્મિક કાર્યક્રમો માટે બાળકોના ને યુવાનોના અંતરમાં જોશદાર થનગણાટ તો ભર્યો જ છે, માત્ર માર્ગદર્શનની જ તે રાહ જુએ છે.

(બાલબંધુઓને એક સૂચનાઃ કાર્યની સરળતા ખાતર આપણે દરેક ગામે પ્રતિનિધિ નીમેલ છે, પરંતુ તેમાં કોઈને નાના–મોટા રાખેલ નથી, કે અધ્યક્ષ–મંત્રી વગેરે હોદા પણ રાખેલ નથી; બધા સભ્યો એકબીજાના ભાઈઓ જ છીએ, ને 'જિનવરના સન્તાન' તરીકે સૌ સરખા જ છીએ; –એ શૈલીથી સૌએ ઉત્સાહથી સાથ આપવાનો છે.)

* શ્રી મુંબઈ મુમુક્ષુમંડળ તરફથી, મુંબઈમાં આવી રહેલા મંગલ ઉત્સવો સંબંધી વિચારણા માટે ગામેગામના સાધર્મીભાઈઓની એક મિટિંગ તા. ૨૨–૧૨–૬૮ ના રોજ સોનગઢમાં થઈ હતી, તેમાં પંચકલ્યાણક મહોત્સવ તથા ૮૦ મા જન્મ જયંતી મહોત્સવની ઉજવણી માટે અનેકવિધ ઉલ્લાસભર્યા આયોજનો રજૂ થયા હતા.

* જિજ્ઞાસુઓ ધાર્મિક પ્રવૃત્તિના વિગતવાર સમાચાર અવશ્ય મોકલતા રહે; પરદેશમાં ચાલતી ધાર્મિકપ્રવૃત્તિના સમાચારો પણ આત્મધર્મ માટે ઉપયોગી છે.– આત્મધર્મની શૈલીને અનુરૂપ હશે તે સમાચારો છાપીશું. સમાચારો તેમજ વિશેષ સૂચનો મોકલવાનું સરનામું– સંપાદકઃ આત્મધર્મ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

∗ અમદાવાદ : બાલવિભાગની શાખા ઉત્સાહપૂર્વક નવા નવા કાર્યક્રમો યોજે છે. ને સૌ હોંશથી ભાગ લ્યે છે. ભગવાન મહાવીર સંબંધી લેખનસ્પર્ધા અને વકતૃત્વસ્પર્ધા યોજાયેલ, તેમાં ઘણાએ ભાગ લીધો ને ઈનામો વહેંચાયા હતા. હવે 'શ્રીમદ્ રાજચંદ્ર' સંબંધી લેખન–વકતૃત્વસ્પર્ધા યોજાશે.

## હિમાલયની ગોદમાં...જૈનસંસ્કૃતિ

દૈનિક "नवभारत टाइम्स" [ नई दिल्ली ] ના ઉપસંપાદક શ્રી रमेशचंद्र जैने એક લેખમાં આપેલી માહિતી ઉપયોગી હોવાથી અહીં સંક્ષેપમાં તેનો ઉલ્લેખ કરીએ છીએ. તેઓ લખે છે : બદરીનાથની મુખ્ય મૂર્તિ તીર્થંકર પાર્શ્વનાથની છે કે બીજા કોઈની–તેમાં મતભેદ સંભવ છે, પરંતુ એકવાર હિમાલયની ગોદમાં જૈનધર્મનો ડંકો વાગતો હતો–તેનાં અનેક પ્રમાણ છે. દેહરાદૂનથી નજીબાબાદ (બિજનોર જિલ્લા) સુધી ફેલાયેલી શિવાલિક પર્વતમાળામાં, તેમજ તીબેટ–ભારતની સરહદના ગઢદેશના સમસ્ત ક્ષેત્રમાં જૈનધર્મ–સંબંધી પુરાતત્ત્વો પથરાયેલા છે. એમ જણાય છે કે પહેલાં આ ક્ષેત્રોમાં જૈનમંદિરો હતા–જે કાળ પ્રભાવે ક્ષીણ થઈ ગયા; અને બદરીનાથ નજીકના નારદ–કુંડમાં અનેક જૈનમૂર્તિઓ હતી. શંકરાચાર્ય જ્યારે બદ્રીકાશ્રમ પહોંચ્યા અને ત્યાંના મંદિર માટે ભગવાનની મૂર્તિની જરૂર પડી ત્યારે નારદકુંડમાંથી પ્રાપ્ત ભગવાન પાર્શ્વનાથની મૂર્તિને જ आदिनारायण રૂપે સ્થાપિત કરી.

ઉત્તરપ્રદેશના ગઢવાલ કેન્દ્રમાં એક અત્યંત પ્રાચીન નગરી હતી; કાશ્મીરના હાલના શ્રીનગર કરતાં તે જોકે ઓછી પ્રસિદ્ધિમાં છે, પરંતુ એની પ્રાચિનતા ઘણી છે. સાતમી શતાબ્દિમાં (લગભગ ૧૩૦૦ વર્ષ પહેલાં) જ્યારે હ્યુ–એન–સંગ ચીનીયાત્રી ભારત આવેલ ત્યારે તે નગરીનો બ્રહ્મપુરી નામથી તેણે ઉલ્લેખ કર્યો છે. ગંગાની મુખ્ય શાખા અલકનંદાના કિનારે વસેલી એ અત્યંત પ્રાચીન શ્રીનગરી લગભગ ૮૦ વર્ષ પહેલાં એક મોટા પૂરમાં તણાઈ ગઈ; તે પુરાણા શ્રીનગરમાં પણ જૈનમંદિર હતા. પછી તે પ્રાચીન નગરના સ્થળની નજીકમાં એક ઊંચી પહાડી પર આધુનિક ઢંગથી નવું શ્રીનગર વસ્યું. તેની મુખ્ય બજારમાં એક જૈનમહોલ્લો પણ વસ્યો, જેની પાછળ દિગંબર જૈનમંદિર બન્યું. પ્રાચીન મંદિરની મૂર્તિઓ આ નવા મંદિરમાં ઇ. સ. ૧૯૨૫ લગભગમાં (આજથી ૪૪ વર્ષ પહેલાં) સ્થાપિત કરવામાં આવી. આ નવા મંદિરનું નિર્માણ બે શ્રાવકોએ કરાવ્યું,–મનોહરલાલ જૈન તથા પ્રતાપસિંહ જૈન.

પરંતુ ત્યારપછી શ્રીનગરની જૈનવસ્તી અનેક કારણોસર ઘટતી ગઈ અને જિનમંદિરની હાલત ક્ષીણ થવા લાગી. જીર્ણશીર્ણ હાલતમાં તે મંદિર આજે તેના પ્રાચીન કલાવૈભવનો નિર્દેશ કરી રહ્યું છે. સાહુ શાંતિપ્રસાદજી શેઠ ઈ. સ. ૧૯૫૬ માં બદરીનાથના પ્રવાસેથી પાછા ફરતાં શ્રીનગરમાં આ મંદિરના દર્શને આવ્યા હતા ને તેના જીર્ણોદ્ધાર માટે આશ્વાસન આપ્યું હતું. ઈ. સ. ૧૯૬૭ માં ગુજરાતના શેઠ બાલચંદ હીરાચંદના કુટુંબી શ્રી ગુલાબચંદભાઈ કાશ્મીર ગયેલા ત્યારે તેમણે પણ આ ક્ષેત્રમાં જૈનધર્મના વિકાસસંબંધી ભાવના વ્યક્ત કરી હતી. શ્રીનગરમાં પચાસેક વર્ષ પહેલાં સ્થાપિત માત્ર આ એક દિ. જિનમંદિર વિદ્યમાન છે. ( “जैनमित्र” માંથી સાભાર )

## ઈન્દોર અને સૌરાષ્ટ્ર

ઈન્દોરનગરમાં દિ. જૈનસમાજની ૨૪ જેટલી પાઠશાળાઓ ચાલી રહી છે. તે ઉપરાંત હમણાં બીજી બે નવી પાઠશાળાઓ ચાલુ થઈ; બે હજાર જેટલા બાળકો ધાર્મિકશાસ્ત્રોનું અધ્યયન કરે છે. આ વખતે ૧૭૦૦ બાળકોએ પરીક્ષા આપી.–આ સમાચાર વાંચીને એમ થાય છે કે આપણા સૌરાષ્ટ્રભરમાં થઈને પણ ઈંદોર જેટલી પાઠશાળાઓ ક્યારે ચાલુ થશે? ને ક્યારે હજારો બાળકો તેમાં હોંશેહોંશે જીવ–અજીવની ભિન્નતાનું વીતરાગી ભણતર ભણતા હશે!

卐 બાલવિભાગના સભ્યો! ઉપકાર–અંજલિ અંક માટેનું લખાણ જેમ બને તેમ વેલાસર તૈયાર કરીને અમને જણાવો.

## એક યુવાનની ભાવના

૧૬ વર્ષની ઉંમરના આપણા એક બાલસભ્ય (मोतीलाल जैन) પોતાના જન્મદિવસે લખે છે કે અરે! જીંદગીના સોળ વર્ષ વીત્યા, તેમાં આત્માને જે કરવાનું છે તે રહી ગયું! આત્માનું કરવા જેવું છે. (भैया! तुम्हारी उत्तम भावनामें हमारी भी अनुमोदना है धन्यवाद! )

સોળ વર્ષની ઊગતી ઉંમરમાં આવી આત્મહિતની ભાવનાઓ જાગે–તે યુવાનોના ઉત્તમ સંસ્કાર સૂચવે છે. આવી વયમાં જ્યારે સંસારના ઘણા સ્વપ્ના સેવાતા હોય, ત્યારે સોનગઢના સંસ્કારોનું બળ આત્મહિતની ભાવનાઓ જગાડે છે. ગુરુદેવ પ્રતાપે આજના યુગમાં જે મહાન ધાર્મિક ક્રાન્તિ થઈ રહી છે તેનો જ આ નમૂનો છે.

## -* ગણિત *-

તમને ગણિતનો શોખ હોય તો
નીચેના દાખલા ગણો–

(૧) એક કરોડને એક કરોડથી ગુણતાં જે આવે તેને એક કોડાકોડી કહેવાય છે. તો ૧૦ કરોડને ૧૦ કરોડથી ગુણતાં દશ કોડાકોડી થાય.–એ બરાબર છે?

(૨) એક જીવ એક પદાર્થને એક સમયમાં જાણે છે, તો લાખ પદાર્થને કેટલા સમયમાં જાણશે?

(૩) એક જીવે મોહકર્મનો ક્ષય કર્યો તો હવે આઠ કર્મોમાંથી તેની પાસે વધુમાં વધુ કેટલા કર્મો બાકી રહેશે?

(૪) એક જીવે જ્ઞાનાવરણ કર્મનો ક્ષય કર્યો, તો હવે તેની પાસે વધુમાં વધુ કેટલા કર્મો બાકી રહેશે?

(૫) આ જગતમાં જેટલા અનાજના દાણા છે તે બધા ભેગા કરીએ ને જગતના બધા જીવોની વચ્ચે વહેંચીએ, તો દરેકના ભાગે શું આવશે? (જવાબ માટે જુઓ પાનું ૩૦)

## મ...ધ (મીઠું નહીં પણ કડવું)

મધ એ મનુષ્યનો ખોરાક નથી, મધ એ તો માંખીનો ખોરાક છે. મધની અંદર માંખીના ઈંડાનો રસ છે તેથી તે સર્વથા અભક્ષ્ય છે. આપણા જૈનધર્મમાં માંસ જેટલો મધનો પણ સખ્ત નિષેધ છે. દવા ખાતર પણ મધ વપરાય નહિ. માંસ–મધુને મદ્ય (દારૂ) નો જે ત્યાગી હોય તેને જ ‘શ્રાવક’ અથવા જૈન કહી શકાય. જૈન કદી મધ–માંસ–દારૂનું સેવન કરે નહિ. (ઈંડાં કે માછલાંનું ભક્ષણ તે પણ માંસાહાર જ છે.) મધ ખાવામાં એટલું પાપ છે કે તેનું ફળ પણ નરક કહ્યું છે. માટે મધ ખરેખર મીઠું નથી પણ અત્યંત કડવું છે...તે ઝેરથી પણ વધુ કડવા દુઃખ દેનાર છે.

## - * સાધનની પરંપરા *-

* મોક્ષનું સાધન વીતરાગતા.
* વીતરાગતાનું સાધન જ્ઞાન.
* જ્ઞાનનું સાધન વિચાર.
* વિચારનું સાધન સત્ય ઉપદેશનું ગ્રહણ.

* * *

સત્પુરુષના ઉપદેશનું ગ્રહણ કરતાં વિચારદશા જાગે.
અંતર્મુખ વિચારદશા વડે જ્ઞાનદશા પ્રગટે.
જ્ઞાનના બળે વીતરાગતા થાય.
વીતરાગ થતાં કેવળજ્ઞાન ને મોક્ષ થાય.

ઉપદેશનું ગ્રહણ, વિચારદશા, જ્ઞાન, વીતરાગતા ને કેવળજ્ઞાન એ બધાય ભાવો આત્માની પર્યાયો જ છે, બહારની વસ્તુ નથી. આ રીતે આત્માનું સાધન આત્મામાં જ છે, બહાર નથી.

જિજ્ઞાસુ થઈને સત્પુરુષના ઉપદેશનું ગ્રહણ પણ જે ન કરે તેને વિચારદશા ક્યાંથી જાગે? અંતરની વિચારણા વગર સાચું જ્ઞાન ક્યાંથી પ્રગટે. સમ્યગ્જ્ઞાન વગર વીતરાગતા ક્યાંથી થાય? ને વીતરાગતા વગર કેવળજ્ઞાન કે મોક્ષ ક્યાંથી થાય? માટે હે જીવ! તું જિજ્ઞાસુ થઈ, જ્ઞાનીના ઉપદેશનું ગ્રહણ કરી અંતરની વિચારણા વડે સ્વ–પરનું યથાર્થ ભેદજ્ઞાન કરી તેના બળે વીતરાગતા કર,– જેથી તને કેવળજ્ઞાન અને મોક્ષદશા થશે.

જિન પરમ પૈની સુબુધિ છૈની ડાર અંતર ભેદિયા,
વરણાદિ અરૂ રાગાદિતેં નિજ ભાવકો ન્યારા કિયા;
નિજમાંહિ નિજકે હેતુ નિજકર આપકો આપે ગહ્યો,
ગુણગુણી જ્ઞાતા–જ્ઞાન–જ્ઞેય મંઝાર કછુ ભેદ ન રહ્યો.

## અમે જિનવરનાં સન્તાન ( નવા સભ્યોનાં નામ )

**( નોંધઃ સભ્યકાર્ડના નંબરમાં ફેર હોય તો અહીં છાપેલ મુજબ સુધારી લેવા. )**

૨૧૬૪ પ્રજ્ઞાબેન રજનીકાંત જૈન મુંબઈ–૮૦
૨૧૬૫ રત્નાબેન વસંતલાલ જૈન મુંબઈ–૫૬
૨૧૬૬ આશાબેન જાદવજી જૈન સોનગઢ
૨૧૬૭ દિલીપ જયંતિલાલ જૈન કલકતા
૨૧૬૮ નીલાબેન કાંતિલાલ જૈન અમદાવાદ
૨૧૬૯ સનત તુલસીદાસ જૈન મુંબઈ–૧૯
૨૧૭૦ રાજેશકુમાર હસમુખલાલ જૈન મુંબઈ–૯૨
૨૧૭૧ એ ઈલાકુમારી રમણિકલાલ જૈન મુંબઈ–૯૨
૨૧૭૧ બી હરેનકુમાર રમણિકલાલ જૈન મુંબઈ–૯૨
૨૧૭૨ નિખિલ છગનલાલ જૈન મુંબઇ–૭૭
૨૧૭૩ અરૂણાબેન મનસુખલાલ જૈન સોનગઢ
૨૧૭૪ એ જિનમતિબેન છોટાલાલ જૈન સોનગઢ
૨૧૭૪ બી મનહરલાલ છોટાલાલ જૈન સોનગઢ
૨૧૭૫ જ્યોતિબેન મગનલાલ જૈન અમદાવાદ
૨૧૭૬ એ વિજયકુમાર રમણીકલાલ જૈન વાંકાનેર
૨૧૭૬ બી કમલાબેન રમણીકલાલ જૈન વાંકાનેર
૨૧૭૭ એ પ્રવિણચંદ્ર નેમચંદ જૈન હિંમતનગર
૨૧૭૭ બી બીપીનચંદ્ર નેમચંદ જૈન હિંમતનગર
૨૧૭૭ સી રાજેન્દ્ર નેમચંદ જૈન હિંમતનગર
૨૧૭૭ ડી ઈન્દીરાબેન નેમચંદ જૈન હિંમતનગર
૨૧૭૭ ઈ કોકિલાબેન નેમચંદ જૈન હિંમતનગર
૨૧૭૮ એ ચેતનકુમાર સુમનરાય જૈન મુંબઈ–૭૪
૨૧૭૮ બી સોનલબેન સુમનરાય જૈન મુંબઈ–૭૪
૨૧૭૯ ભરત એમ. જૈન રખિયાલ
૨૧૮૦ મનુભાઈ તારાચંદ જૈન રખિયાલ
૨૧૮૧ હસમુખ કેશવલાલ જૈન રખિયાલ
૨૧૮૨ રતિલાલ ન્યાલચંદ જૈન રખિયાલ
૨૧૮૩ વસંત મીઠાલાલ જૈન રખિયાલ
૨૧૮૪ ભરત વિજયકાંત જૈન લાઠી
૨૧૮૫ કિર્તીકુમાર તલકચંદ જૈન પ્રતાપરા
૨૧૮૬ વિજય ધીરજલાલ જૈન પ્રતાપરા
૨૧૮૭ એ નેમિશ શાંતિલાલ જૈન મુંબઈ–૨૨
૨૧૮૭ બી કેતન શાંતિલાલ જૈન મુંબઈ–૨૨
૨૧૮૮ સંજય પ્રફુલચંદ્ર જૈન મુંબઈ–૨૬
૨૧૮૯ એ ભરત રતીલાલ જૈન ધનસુરા
૨૧૮૯ બી મુકેશ રતીલાલ જૈન ધનસુરા
૨૧૮૯ સી નીપૂણાબેન રતીલાલ જૈન ધનસુરા
૨૧૯૦ સુનીલ એસ. જૈન મુંબઈ–૪
૨૧૯૧ દિનકરરાય છગનલાલ જૈન મુંબઈ–૬૪
૨૧૯૨ એ પ્રેમીલાબેન એમ. જૈન અમદાવાદ
૨૧૯૨ બી અંજનાબેન એમ. જૈન અમદાવાદ
૨૧૯૨ સી નયનાબેન એમ જૈન અમદાવાદ
૨૧૯૩ એ રજનીકાંત મનસુખલાલ જૈન વિંછીયા
૨૧૯૩ બી અરૂણ મનસુખલાલ જૈન વિંછીયા
૨૧૯૪ હસમુખ મણીલાલ જૈન મુંબઈ–૪
૨૧૯૫ કૈલાશબેન જૈન રખિયાલ

૨૧૯૫ પછી ૪૦ નામ રખિયાલના સભ્યોનાં છે, તે દરેકના પૂરા નામ–સરનામા–ઉંમર–અભ્યાસ ને જન્મદિવસ આવ્યા પછી તેમનાં નામો છાપીશું. તથા બીજા સભ્યોનાં નામ પણ હવે પછી આપીશું. બંધુઓ, તમારા પત્રનો જવાબ આવતાં વાર લાગે કે સભ્યનંબર મળતાં વાર લાગે તો જરા ધીરજ રાખવા વિનંતિ છે, કેમકે વર્ષ દરમિયાન આત્મધર્મને લગતા ચાર હજાર ઉપરાંત પત્રો આવતા હોય છે, ને લેખન–સંપાદન ઉપરાંત તે બધા વિવિધ પ્રકારના પત્રો વાંચીને તેની વ્યવસ્થા એકલા હાથે કરવાની હોય છે. ( સં. )

# ગતાંકમાં બબ્બે વ્યક્તિનાં નામ આપેલ, તેઓ એકબીજાના શું સગા થાય ?

(૧) અભયકુમાર અને વારિષેણઃ બંને શ્રેણિક રાજાના પુત્રો, માતા જુદી, એટલે બંને સાવકા ભાઈ. અભયકુમારની માતા નંદશ્રી; વારિષેણની માતા ચેલણા.

(૨) ૠષભદેવ અને મરિચીકુમારઃ દાદા અને પૌત્ર, મરિચી તે ભરત રાજાનો પુત્ર, અને આગળ જતાં અંતિમ તીર્થંકર મહાવીર.

(૩) ચેલણારાણી અને ચંદના સતીઃ બંને બહેનો; (તેઓ કુલ ૭ બહેનો હતી; તેમાં ત્રિશલાદેવી સૌથી મોટા.)

(૪) ત્રિશલામાતા અને ચંદનબાળાઃ બંને બહેનો; ત્રિશલા તે મહાવીરની માતા.

(૫) શ્રીકૃષ્ણ અને પ્રદ્યુમ્ન, પિતા અને પુત્ર; પ્રદ્યુમ્ન તે રુકિમણીના પુત્ર; તે ગીરનારથી મોક્ષ પામ્યા. ચોથી ટૂંક પર તેમના પગલાં પહાડમાં કોતરેલા છે.

(૬) નેમિનાથ અને સત્યભામાઃ દીયર અને ભોજાઈ; સત્યભામા તે શ્રીકૃષ્ણની એક રાણી; શ્રીકૃષ્ણ અને નેમિનાથ પીતરાઈભાઈ. શ્રીકૃષ્ણ ઉંમરમાં મોટા.

(૭) બાહુબલી અને બ્રાહ્મી–સુંદરીઃ તે ભાઈ–બહેનો; શ્રી ૠષભદેવના સંતાનોઃ બાહુબલી ભાઈ અને સુંદરી બહેન એ બંનેની માતા સુનંદાઃ અને બ્રાહ્મી–બહેન તથા ભરત વગેરે ૧૦૦ ભાઈઓ–તેમની માતા યશસ્વતી. એટલે બાહુબલી અને સુંદરી તે સગા ભાઈ–બેન; તથા બાહુબલી અને બ્રાહ્મી તે સાવકા ભાઈ–બહેન.

(૮) ગૌતમગણધર અને ઇન્દ્રભૂતિગણધરઃ બંને એક જ.

(૯) ગૌતમગણધર અને અગ્નિભૂતિગણધરઃ બંને ભાઈ, ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, અને વાયુભૂતિ એ ત્રણે ભાઈઓ હતા, ને ત્રણેય મહાવીર ભગવાનના ગણધર થઈને મોક્ષ પામ્યા.

(૧૦) શાંતિનાથ ભગવાન અને ચક્રાયુધગણધરઃ બંને ભાઈ,–વિશ્વસેનરાજાના પુત્રો; માતાઓ જુદી. દશ ભવથી તેઓ સાથે ને સાથે હતા.

* * *

(પાંચ પ્રશ્નોના જવાબઃ (૧) ના; સો કોડાકોડી થાય. (૨) એક સમય (૩) સાત (૪) ચાર (૫) અનંત જીવોની વચ્ચે માત્ર એકદાણોઃ એટલે દરેક જીવને એકદાણાનો અનંતમો ભાગ.)



णमो अरिहंताणं णमो सिद्धाणं णमो आइरियाणं ।
णमो उवज्झायाणं णमो लोए सव्व साहूणं ॥



**પ્રશ્ન**:- પંચપરમેષ્ઠી ભગવંતોના આપણે ગમે તેટલા જાપ કરીએ કે ગમે તેટલી ભક્તિ કરીએ, તોપણ તેઓ નથી તો આપણી પાસે આવતા, કે નથી આપણને કાંઈ મદદ કરતા; તોપછી તેમની ભક્તિમાં શો હેતુ છે?




ઉત્તરઃ– પ્રથમ તો એ જ આપણા પંચપરમેષ્ઠી ભગવંતોની વીતરાગતા–પૂજ્યતા–મહત્તા છે કે તેઓ ભક્તિ વડે નથી તો રીઝતા, કે નિંદા વડે નથી ખીજતા.

આમ છતાં આપણે તેમની ભક્તિ કરીએ છીએ;–તેઓ આપણી પાસે આવે કે તેઓ આપણને કંઈ આપે એટલા માટે નહિ, પરંતુ આપણે તેમના જેવા થઈએ એટલા માટે; તેમના જેવા થવાનું આપણને ઇષ્ટ છે એટલા માટે. પંચપરમેષ્ઠીરૂપી પ્રતીક દ્વારા આપણા ઇષ્ટની ઓળખાણ વડે આપણે વીતરાગભાવ પ્રગટ કરીને સ્વયં પરમેષ્ઠીપદમાં ભળી જઈએ.–એ પારમાર્થિક ભક્તિનું પ્રયોજન છે. ને એ પ્રયોજનની સિદ્ધિ પંચપરમેષ્ઠી ભગવંતોની મદદ વગર, સ્વયં આપણે આપણા આત્મામાંથી કરી શકીએ છીએ. પૂજ્ય એવા પંચપરમેષ્ઠી ભગવંતોએ પણ એમ જ ઉપદેશ્યું છે કે તું તારા સ્વભાવસન્મુખ થા.

જે ભક્તિ કરવાથી રીઝે ને નિંદા કરવાથી ખીજે–એવા રાગી–દ્વેષી જીવોને તો ઇષ્ટદેવ તરીકે કોણ માને? વીતરાગી–જિનદેવ જ આપણા ઇષ્ટદેવ છે કેમકે આપણને વીતરાગતા જ પ્રિય છે...આપણા ભગવંતોએ વીતરાગતા કરી છે ને આપણને પણ વીતરાગ થવાનું શીખવ્યું છે.

**નમસ્કાર હો વીતરાગમાર્ગપ્રણેતા તે વીતરાગ ભગવંતોને.**

# ધર્માત્માનું સ્વરૂપ-સંચેતન

卐

**જે અનાદિથી અત્યંત અપ્રતિબુદ્ધ હતો, ને વિરક્ત જ્ઞાની ગુરુવડે નિરંતર પરમ અનુગ્રહપૂર્વક શુદ્ધ આત્માનું સ્વરૂપ સમજાવવામાં આવતાં પરમ ઉદ્યમવડે સમજીને જે જ્ઞાની થયો. તે શિષ્ય પોતાના આત્માનો કેવો અનુભવ કરે છે તેનું આ વર્ણન છે; તેમાં તે પવિત્રાત્મા ગુરુના ઉપકારને ભૂલતો નથી. ગુરુ નિરંતર સમજાવે છે એમ કહીને શિષ્યમાં નિરંતર સમજવાની જે ધગશ અને પાત્રતા છે તે પણ સૂચવ્યા છે.**

**શ્રી સમયસાર ગા. ૩૮ ઉપર પૂ. ગુરુદેવનું પ્રવચન**

**હું એક શુદ્ધ સદા અરૂપી જ્ઞાનદર્શનમય ખરે,**
**કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે!**

જેવું આત્માનું સ્વરૂપ છે તેવું ગુરુના ઉપદેશથી જાણીને અનુભવ્યું, તે અનુભવ કેવો થયો? તેનું વર્ણન કરતાં શિષ્ય કહે છે કે–પહેલાં તો અનાદિથી મોહરૂપ અજ્ઞાનથી અત્યંત અપ્રતિબુદ્ધ હતો, તદ્ન અજ્ઞાની હતો.

પછી વિરક્ત ગુરુઓએ પરમકૃપા કરીને મને નિરંતર આત્માનું સ્વરૂપ સમજાવ્યું. જેમણે પોતે આત્માના આનંદનો અનુભવ કર્યો છે...જેઓનો સંસાર શાંત થઈ ગયો છે... જેઓ શાંત થઈને અંતરમાં ઠરી ગયા છે...એવા પરમ વૈરાગી વિરક્ત ગુરુએ મહા અનુગ્રહ કરીને શુદ્ધઆત્મસ્વરૂપ મને વારંવાર સમજાવ્યું. જે સમજવાની મને નિરંતર ધૂન હતી તે જ ગુરુએ સમજાવ્યું.

શ્રીગુરુએ અનુગ્રહ કરીને જેવો મારો સ્વભાવ કહ્યો તેવો ઝીલીને મેં વારંવાર તે સમજવાનો ઉદ્યમ કર્યો...‘અહો હું તો જ્ઞાન છું, આનંદ જ મારો સ્વભાવ છે’ એમ

મારા ગુરુએ મને કહ્યું, તે મેં સર્વ પ્રકારના ઉદ્યમથી અંતર્મંથન કરીને નિર્ણય કર્યો...મારો ઉદ્યમ થતાં કાળલબ્ધિ પણ ભેગી જ આવી ગઈ...કર્મો પણ ખસી ગયા...સર્વ પ્રકારના ઉદ્યમથી સાવધાન થઈને હું મારું સ્વરૂપ સમજ્યો. હું મારું શુદ્ધસ્વરૂપ જેવું સમજ્યો તેવું જ સર્વજ્ઞ પરમાત્માએ અને શ્રીગુરુએ મને કહ્યું હતું; આ રીતે દેવ–ગુરુ–શાસ્ત્રોએ શું સ્વરૂપ સમજાવ્યું તેનો પણ યથાર્થ નિર્ણય થયો.

ભેદજ્ઞાન થતાં ઉપયોગે પોતાના આત્માને જ પોતામાં ધારણ કર્યો, એ સિવાય સમસ્ત રાગાદિ અન્ય ભાવોને પોતાથી જુદા જાણીને ભિન્નતા કરી. દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપે પરિણમેલો તે ઉપયોગ પોતાના આત્માના આનંદબગીચામાં જ કેલિ કરે છે. આત્મા પોતે આનંદનો બગીચો છે, તેમાં ધર્મીનો ઉપયોગ રમે છે.

ભેદજ્ઞાન થતાં આત્માનો અનુભવ થયો, એટલે મોહનો નાશ થયો, ને જ્ઞાનપ્રકાશ પ્રગટ થયો. પહેલાં હું અજ્ઞાની હતો ને હવે હું જ્ઞાની થયો–એમ બંને દશામાં સળંગ ધ્રુવતા રહી; આ રીતે ઉત્પાદ–વ્યય–ધ્રુવ સમાઈ જાય છે.

ભેદજ્ઞાન થયું ત્યારે જીવને ભાન થયું કે–અરે, અજ્ઞાનથી મોહિત હતો તે દશા તો ઉન્મત્ત જેવી હતી, ઉન્મત્તની માફક જડરૂપે (શરીરરૂપે) પોતાને માનતો; પણ વિરક્ત નિર્મોહી આત્મજ્ઞ ગુરુઓએ મને નિરંતર મારું સ્વરૂપ સમજાવીને ભેદજ્ઞાન કરાવ્યું.

અહીં 'ગુરુએ નિરંતર સમજાવ્યું' એમ કહ્યું તેમાં ખરેખર તો એવો આશય છે કે શ્રી ગુરુએ જેવું પરભાવથી ભિન્ન એકરૂપ આત્મસ્વરૂપ ચૈતન્યચિહ્નથી બતાવ્યું તેવું બરાબર લક્ષમાં લઈને, બીજેથી રુચિ હઠાવીને શિષ્યે પોતે નિરંતર અંતર્મુખ અભ્યાસ કરીને અનુભવ કર્યો; ગુરુએ જેવો કહ્યો તેવો આત્મા નિરંતર અભ્યાસ વડે અનુભવમાં લીધો, ત્યાં ઉપકારબુદ્ધિથી તે શિષ્ય કહે છે કે અહો! મારા ગુરુએ મારા ઉપર મહાન પ્રસન્નતા કરીને મને નિરંતર મારો આત્મા સમજાવ્યો. ગુરુ નિરંતર એના હૃદયમાં વસે છે એટલે ગુરુ નિરંતર તેને સમજાવી જ રહ્યા છે. 'નિરંતર સમજાવવાનું' કહીને શિષ્યમાં નિરંતર સમજવાની ઉગ્ર ધગશ કેવી છે તે બતાવ્યું છે. વચ્ચે ભંગ પડયા વગર નિરંતર અનુભવ માટે ઉદ્યમ કરે છે–એવી શિષ્યની તૈયારી છે ત્યાં નિમિત્ત તરીકે શ્રી ગુરુ પણ નિરંતર જ સમજાવે છે એમ કહ્યું. ઉપદેશની ભાષા ભલે નિરંતર ન હોય, પણ તે ઉપદેશમાં જે ભાવ બતાવ્યો–જે શુદ્ધાત્મા બતાવ્યો, તે શિષ્યના અંતરમાં નિરંતર વર્તે છે એટલે તેને તો નિરંતર ગુરુ સમજાવી જ રહ્યા છે. આહા! જુઓ, આ આત્મઅનુભવને માટે શિષ્યનો ઉમંગ! ને શિષ્યની તૈયારી! 'નિરંતર' કહીને શિષ્યની

ઉગ્ર પાત્રતા સૂચવી છે. અને સાથે ગુરુનો ઉપકાર બતાવવા માટે 'ગુરુએ જ નિરંતર સમજાવ્યું' એમ કહ્યું છે. આ રીતે અલૌકિક સંધિ છે; ઉપાદાન–નિમિત્તનો સુમેળ છે. નિરંતર ઉદ્યમ કરીને એટલે મોટો પ્રયત્ન કરીને શુદ્ધાત્મા સમજવા માટે ઉપાદાન જાગ્યું ત્યાં તે સમજાવનારું નિમિત્ત પણ નિરંતર છે, અહો, આવા શુદ્ધાત્માના અનુભવનો આ અવસર છે... અનુભવની સોનેરી ઘડી છે.

આત્માનો અનુભવ કરનાર ધર્મી કહે છે કે જેમ પોતાની મૂઠીમાં રાખેલું સોનું ભૂલી ગયો હોય ને ફરી યાદ કરે, તેમ મારા પરમેશ્વરસ્વરૂપ આત્માને હું ભૂલી ગયો હતો તેનું હવે મને ભાન થયું; મારામાં જ મારા પરમેશ્વરઆત્માને મેં દેખ્યો...અનાદિથી મારા આવા આત્માને હું ભૂલી ગયો હતો, મને કોઈ બીજાએ ભૂલાવ્યો ન હતો, પણ મારા અજ્ઞાનને લીધે હું જ ભૂલી ગયો હતો; મારા આત્માનો મહિમા ચૂકીને હું સંયોગનો મહિમા કરતો, તેથી હું મારા આત્માને ભૂલી ગયો હતો, પણ શ્રીગુરુના અનુગ્રહપૂર્વક ઉપદેશથી સર્વ પ્રકારના ઉદ્યમવડે મને મારા પરમેશ્વર આત્માનું ભાન થયું. શ્રીગુરુએ જેવો આત્મા કહ્યો હતો તેવો હવે મેં જાણ્યો.

એ પ્રમાણે જ્ઞાનસ્વરૂપ પરમેશ્વર આત્માને જાણીને, તેની શ્રદ્ધા કરીને તથા તેનું આચરણ કરીને હું સમ્યક્ પ્રકારે એક આત્મારામ થયો. આત્માના અનુભવથી તૃપ્ત આત્મારામ થયો. હવે હું મારા આત્માને કેવો અનુભવું છું ?–

**'હું એક શુદ્ધ સદા અરૂપી જ્ઞાનદર્શનમય ખરે.**

**કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે !'**

–સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપે પરિણમેલો હું મારા આત્માને આવો અનુભવું છું. એક આત્મા જ મારો આરામ છે. એક આત્મા જ મારા આનંદનું ધામ છે...આત્માના શ્રદ્ધા–જ્ઞાન–આચરણ કરીને હું સમ્યક્ પ્રકારે આત્મારામ થયો છું...હવે જ હું ખરેખરો આત્મા થયો છું... મારા આત્માને હવે હું એવો અનુભવું છું કે–

'હું મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાઉં એવો ચૈતન્યમાત્ર જ્યોતિ આત્મા છું. રાગથી ઈન્દ્રિયોથી મારું સ્વસંવેદન થતું નથી. ચૈતન્યમાત્ર સ્વસંવેદનથી જ હું પ્રત્યક્ષ થાઉં છું. મારા મતિશ્રુતજ્ઞાનને અંતરમાં એકાગ્ર કરીને હું મારું સ્વસંવેદન પ્રત્યક્ષ કરું છું.

મારા મતિશ્રુતજ્ઞાનને ઇન્દ્રિયોથી ને રાગથી ભિન્ન કરીને સ્વસંવેદન પ્રત્યક્ષવડે હું મારો અનુભવ કરું છું. આ રીતે સ્વસંવેદન પ્રત્યક્ષમાં આવતો હું છું. અંતર્મુખ અનુ–

ભવથી જે પ્રત્યક્ષ થયો તે જ હું છું. મારા સ્વસંવેદનમાં બીજાં બધું બહાર રહી જાય છે તે હું નથી, સ્વસંવેદનમાં ચૈતન્યમાત્ર આત્મા પ્રત્યક્ષ થયો તે જ હું છું.

**‘હું એક છું’**–ચિન્માત્ર આકારને લીધે હું સમસ્ત ક્રમરૂપ તથા અક્રમરૂપ પ્રવર્તતા વ્યાવહારિક ભાવોથી ભેદરૂપ થતો નથી, માટે હું એક છું. જ્ઞાનની જ અખંડમૂર્તિ હું એક છું. પર્યાયમાં મનુષ્ય–દેવ વગેરે ભાવો ક્રમરૂપ હો, જોગ–લેશ્યા –મતિશ્રુત વગેરે જ્ઞાનો અક્રમે એક સાથે હો, પણ તે ભેદરૂપ વ્યવહારભાવો વડે હું ભેદાઈ જતો નથી, હું તો ચિન્માત્ર એકાકાર જ રહું છું–મારા અનુભવમાં તો જ્ઞાયક એકાકાર સ્વભાવ જ આવે છે–માટે **હું એક છું**. મારા આત્માને હું એકપણે જ અનુભવું છું...ખંડખંડ ભેદરૂપ નથી અનુભવતો. પર્યાયને ચૈતન્યમાં લીન કરીને ચૈતન્યમાત્ર જ આત્માને અનુભવું છું. આત્માને રાગાદિવાળો નથી અનુભવતો, ચૈતન્યમાત્ર એકાકાર જ્ઞાયકભાવરૂપ જ આત્માને અનુભવું છું......મારા આત્માને જ્ઞાયકસ્વરૂપે જ દેખું છું.

**‘હું શુદ્ધ છું’**–નરનારકાદિ જીવના વિશેષો, તેમજ અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા ને મોક્ષસ્વરૂપ જે વ્યવહાર નવતત્ત્વો છે તેમનાથી અત્યંત જુદો ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવરૂપ ભાવ છું, તેથી હું શુદ્ધ છું. નવે તત્ત્વોના વિકલ્પોથી હું પાર છું...પર્યાયમાં હું શુદ્ધ જ્ઞાનસ્વભાવસ્વરૂપે પરિણમ્યો છું, માટે હું શુદ્ધ છું. શુદ્ધ જ્ઞાયકભાવમાત્ર મારા આત્માને હું શુદ્ધપણે અનુભવું છું. નવ તત્ત્વના ભેદ તરફ હું નથી વળતો–તેના વિકલ્પોને નથી અનુભવતો, પણ જ્ઞાયકસ્વભાવ તરફ વળીને, નવતત્ત્વના વિકલ્પો રહિત થઈને, હું મારા આત્માને શુદ્ધપણે અનુભવું છું. નવે તત્ત્વોના રાગમિશ્રિત વિકલ્પથી હું અત્યંત જુદો થઈ ગયો છું, નિર્વિકલ્પ થઈને અંતરમાં આનંદસ્વરૂપ આત્માને એકને જ હું અનુભવું છું માટે હું શુદ્ધ છું. મારા વેદનમાં શુદ્ધઆત્મા જ છે.

**હું દર્શન-જ્ઞાનમય છું**–હું ચિન્માત્ર હોવાથી સામાન્ય–વિશેષ ઉપયોગાત્મકપણાને ઉલ્લંઘતો નથી તેથી દર્શન–જ્ઞાનમય છું. હું મારા આત્માને દર્શન –જ્ઞાન–ઉપયોગરૂપ જ અનુભવું છું.

**હું સદાય અરૂપી છું**–સ્પર્શ–રસ–ગંધ–વર્ણ જેનું નિમિત્ત છે એવા જ્ઞાનરૂપે પરિણમ્યો હોવા છતાં પણ તે સ્પર્શાદિ રૂપી–પદાર્થોરૂપે હું પરિણમ્યો નથી માટે હું સદા અરૂપી છું. રૂપી પદાર્થોને જાણતાં છતાં હું રૂપી સાથે તન્મય થતો નથી, હું તો જ્ઞાન સાથે જ તન્મય છું માટે હું અરૂપી છું. રૂપી પદાર્થો મારાપણે મને નથી અનુભવાતા, માટે હું અરૂપી છું.

–આમ સર્વથી જુદા, એક, શુદ્ધ, જ્ઞાનદર્શનમય, સદા અરૂપી આત્માને હું અનુભવું છું. અને આવા મારા સ્વરૂપને અનુભવતો હું પ્રતાપવંત વર્તું છું.

સ્વસંવેદનપ્રત્યક્ષ આત્માના અનુભવથી પ્રતાપવંત વર્તતા એવા મને, મારાથી બાહ્ય વર્તતા સમસ્ત પદાર્થોમાં કોઈ પણ પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારાપણે ભાસતું નથી. મારાથી બહાર જીવ અને અજીવ, સિદ્ધ અને સાધક એવા અનંત પરદ્રવ્યો પોતપોતાની સ્વરૂપસંપદા સહિત વર્તે છે તો પણ સ્વસંવેદનથી પ્રતાપવંત વર્તતા એવા મને તે કોઈ પરદ્રવ્ય જરાય મારાપણે ભાસતું નથી; મારું શુદ્ધ તત્ત્વ પરિપૂર્ણ છે તે જ મને મારાપણે અનુભવાય છે, મારી પૂર્ણતામાં પરદ્રવ્યનો એક રજકણમાત્ર મને મારાપણે ભાસતો નથી કે જે મારી સાથે (ભાવકપણે કે જ્ઞેયપણે) એક થઈને મોહ ઉત્પન્ન કરે. જિનરસથી જ સમસ્ત મોહને ઉખેડી નાખ્યો છે; નિજરસથી જ સમસ્ત મોહને ઉખેડી નાંખીને–ફરી તેનો અંકૂર ન ઉપજે એ રીતે તેનો નાશ કરીને મને મહાન જ્ઞાનપ્રકાશ પ્રગટ થયો છે. મારા આત્મામાંથી મોહનો નાશ થયો છે ને અપૂર્વ સમ્યગ્જ્ઞાનપ્રકાશ ખીલી ગયો છે એમ હું મારા સ્વસંવેદનથી નિઃશંકપણે જાણું છું. મારા આત્મામાં શાંતરસ ઉલ્લસી રહ્યો છે...અનંત ભવ હોવાની શંકા નિર્મૂળ થઈ ગઈ છે ને ચૈતન્યના આનંદના અનુભવ સહિત મહાન જ્ઞાનપ્રકાશ પ્રગટી ગયો છે.

આ રીતે, શ્રીગુરુવડે પરમ અનુગ્રહપૂર્વક શુદ્ધઆત્માનું સ્વરૂપ સમજાવવામાં આવતાં, નિરંતર ઉદ્યમવડે સમજીને શિષ્યે પોતાના આત્માનો આવો અનુભવ કર્યો. તેનું વર્ણન કર્યું.

ભાઈ! આ તો સર્વજ્ઞનો નિર્ગ્રંથ માર્ગ છે. જો તું સ્વાનુભવ વડે મિથ્યાત્વની ગાંઠ ન તોડ તો નિર્ગ્રંથ માર્ગમાં કઈ રીતે આવ્યો? જન્મ–મરણની ગાંઠને જો ન તોડી તો નિર્ગ્રંથ માર્ગમાં જન્મીને તેં શું કર્યું? ભાઈ, આવો અવસર મળ્યો તો એવો ઉદ્યમ કર કે જેથી આ જન્મ–મરણની ગાંઠ તૂટે ને અલ્પકાળમાં મુક્તિ થાય?

卐

# ભા વ ન ગ ર માં...ભા વ મં ગ લ
## જ્ઞાન છે તે મનને આનંદરૂપ કરતું પ્રગટ થાય છે

(મહા સુદ પાંચમના રોજ શ્રી જિનમંદિરના શિલાન્યાસ પ્રસંગે ગુરુદેવ ભાવનગર પધાર્યા તે પ્રસંગના મંગલ પ્રવચનમાંથી. સમયસાર કળશ ૩૩)

“नमः समयसाराय” એવા મંગલપૂર્વક ગુરુદેવે કહ્યું કે આ દેહથી ભિન્ન આત્મા પોતે આનંદસ્વરૂપ છે. જીવ અને અજીવની ભિન્નતાને જાણતું જ્ઞાન, તે આત્માને આનંદરૂપ કરતું પ્રગટ થાય છે. ભેદજ્ઞાન થતાંવેંત જીવ આહ્લાદિત થાય છે.

ભાઈ, અનાદિનું તારું તત્ત્વ દેહથી ભિન્ન આનંદસ્વરૂપ છે. આવા આત્માનું જ્ઞાન તે જ સાચું જ્ઞાન કહેવાય છે. જ્ઞાનની સંપદાવાળો આત્મા છે, તેણે પોતાના સ્વરૂપનું જ્ઞાન કદી નથી કર્યું. શ્રીમદ્‌રાજચંદ્ર પણ કહે છે કે–

‘જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્‌ગુરુ ભગવંત...રે
ગુણવંતા જ્ઞાની...અમૃત વરસ્યા છે પંચમકાળમાં.

ભાઈ, આ મનુષ્યજીવન તો ક્ષણમાં પૂરું થઈ જતું દેખાય છે. આ દેહનાં રજકણો તો રેતીની જેમ રખડશે. દેહ તો પુદ્‌ગલની રચના છે; ને આત્મા તો જ્ઞાનઆનંદસ્વરૂપ છે. એવા આત્માને જાણતાં આનંદરૂપ અમૃત વરસે છે, તે મંગલ છે. આત્માના આનંદનો સ્વાદ જેમાં ન આવે તેને ભગવાન ધર્મ કહેતા નથી. ધર્મનો પંથ આ છે કે જ્ઞાનમૂર્તિ આત્માને સ્પર્શ કરીને પુણ્ય–પાપથી ભિન્ન જ્ઞાનસ્વરૂપના અનુભવવડે આનંદ થાય.

સર્વજ્ઞ પરમેશ્વરે પૂર્ણ જ્ઞાન ને આનંદ પ્રગટ કર્યા, તેઓ કહે છે કે આવા જ્ઞાન ને આનંદ આત્માના સ્વભાવમાં છે તે જ પ્રગટયા છે, બહારથી નથી આવ્યા. સ્વભાવમાં જ્ઞાન ને આનંદ ભરેલા જ છે. જેમ ગોળ ગળપણ વગરનો હોય નહિ. અગ્નિ ઉષ્ણતા વગરનો હોય નહિ. અફીણ કડવાશ વગરનું ન હોય–એમ દરેક વસ્તુમાં પોતપોતાનો સ્વભાવ હોય છે; તેમ આત્મા પણ પોતાના જ્ઞાન આનંદ સ્વભાવથી ભરપૂર છે. આવા આત્માનું જ્ઞાન એવી પ્રતીતિ ઉપજાવે છે કે દેહ અને રાગ મારાથી ભિન્ન છે; આવી પ્રતીતિ આનંદ સહિત પ્રગટે છે.

આત્માનો આવો અશરીરી ચિદાનંદ સ્વભાવ, તેને ભૂલીને સંસારમાં ચાર–ગતિનાં શરીરો ધારણ કરવા એ તો શરમ છે. આત્મામાં આનંદ છે તેને બદલે દેહમાં ને રાગમાં આનંદને શોધે છે, એ અવિવેક છે. રાગને કે શરીરને તો કાંઈ ખબર નથી, કે પોતે કોણ છે? જીવના જ્ઞાનમાં જ એ જાણવાની તાકાત છે; જ્યારે તે એમ જાણે છે કે હું તો ચૈતન્ય છું, મારો સ્વાંગ તો જ્ઞાનરૂપ છે, રાગાદિ તે મારો ખરો સ્વાંગ નથી, ને દેહ તે પણ મારો સ્વાંગ નથી, તે જડનો સ્વાંગ છે, આમ બંનેની ભિન્નતા જાણતું જ્ઞાન પોતે આનંદરસ સહિત પ્રગટે છે. –આવું આત્મજ્ઞાન કરવું તે અપૂર્વ ‘ભાવ–મંગલ’ છે.

# જૈન બાળપોથી મંગાવો......શીખો......ને પરીક્ષા આપો



વંદન અમારાં પ્રભુજી તમને........
વંદન અમારાં ગુરુજી તમને.........
વંદન અમારાં સિદ્ધ પ્રભુને..........
વંદન અમારાં અરિહંત દેવને......
વંદન અમારાં સૌ મુનિરાજને......
વંદન અમારાં ધર્મ–શાસ્ત્રોને.......
વંદન અમારાં બધા જ્ઞાનીને.......
વંદન અમારાં ચૈતન્ય દેવને.....
વંદન અમારાં આત્મસ્વભાવને......
વંદન અમારાં આત્મ–ભગવાનને......

( ગતાંકમાં જૈનબાળપોથીના ૭ પાઠમાંથી ૩૦ પ્રશ્નો આપ્યા હતા, તે તમે શીખ્યા હશો, બીજા પ્રશ્નો અહીં આપ્યાં છે, તે પણ શીખજો...ને પછી પરીક્ષામાં ભાગ લેજો. જૈનબાળપોથી તમારી પાસે ન હોય તો તા. ૩૧ જાન્યુઆરી સુધીમાં લખવાથી તમને ભેટ મોકલીશું. પરીક્ષાનું પેપર વૈશાખ માસમાં આપીશું...ત્યાંસુધીમાં બરાબર શીખી લ્યો ને ૧૦૦ માર્ક મેળવો.......... )

( ૩૧ ) ધર્મ શેમાં થાય ?

( ૩૨ ) ધર્મ શેનાથી થાય ?–શરીરથી કે જ્ઞાનથી ?

( ૩૩ ) ધર્મ એટલે શું ?

( ૩૪ ) ભગવાન થવું હોય તો શું કરવું ?

( ૩૫ ) ભગવાનને શું હોય ? ને શું ન હોય ?

( ૩૬ ) ભગવાન કાંઈ ખાય ?

( ૩૭ ) અરિહંત અને સિદ્ધમાં શું ફેર ?

( ૩૮ )મહાવીરભગવાન અત્યારે સિદ્ધ છે કે અરિહંત ?

( ૩૯ ) અત્યારે અરિહંત હોય તે ભગવાનનું નામ શું ?

( ૪૦ ) 'નમસ્કારમંત્ર' લખો (શુદ્ધ અને સુંદર અક્ષરમાં )

( ૪૧ ) જંગલમાં ધ્યાનમાં કોણ બેઠું છે ?

( ૪૨ ) આપણા ગુરુ કોણ છે ?

( ૪૩ ) ગુરુના પાઠમાં એક આચાર્યનું નામ લખ્યું છે, તે કોણ ?

( ૪૪ ) એક મોટા શાસ્ત્રનું નામ લખો.

( ૪૫ ) શાસ્ત્ર આપણને શું સમજાવે છે ?

( ૪૬ ) જ્ઞાન શાસ્ત્રમાં હોય કે જીવમાં ?

( ૪૭ ) તમે કદી સમયસારશાસ્ત્ર હાથમાં લઈને જોયું છે

( ૪૮ ) શાસ્ત્ર કોને કહેવાય ? ને કુશાસ્ત્ર કોને કહેવાય ?

( ૪૯ ) સમયસાર શાસ્ત્ર કોણે રચ્યું છે ?

( ૫૦ ) એક માતા બાળકને માટે કેવું હાલરડું ગાય છે ?

( ૫૧ ) આપણી ધાર્મિક માતા કોણ ?

( ૫૨ ) સાચી શ્રદ્ધાને શું કહેવાય ?

( ૫૩ ) સમ્યગ્દર્શન થાય તેને શું મળે ?

( ૫૪ ) ધર્મનું મૂળ શું છે ?
( ૫૫ ) જીવ સંસારમાં કેમ રખડયો ?
( ૫૬ ) સૌથી પહેલો ધર્મ ક્યો ?
( ૫૭ ) સૌથી મોટું પાપ શું ?
( ૫૮ ) સમ્યગ્જ્ઞાન એટલે શું ?
( ૫૯ ) સમ્યગ્જ્ઞાનથી પોતાનો આત્મા કેવો સમજાય ?
( ૬૦ ) જેને સાચું ચારિત્ર હોય તેને શું કહેવાય ?
( ૬૧ ) કઈ ત્રણ વસ્તુ ભેગી કરવાથી મોક્ષમાર્ગ થાય છે ?
( ૬૨ ) આત્માને ઓળખે નહિ, પણ ચારિત્ર પાળે તો મોક્ષ થાય ?
( ૬૩ ) સાચું ચારિત્ર ને મુનિદશા કોને હોઈ શકે ?
( ૬૪ ) જૈન કોને કહેવાય ?

( આ પ્રશ્નોના જવાબ પાઠ ૮ થી ૧૫ સુધીમાં મળશે. )

## વાંચકો સાથે વાતચીત અને તત્ત્વચર્ચા

માટુંગા ( મુંબઈથી ) થી કોલેજના અભ્યાસી ગીતાબેન તથા જયેશભાઈ લખે છે કે ‘અમને ભાઈ–બહેનને આત્મધર્મના સવાલ–જવાબમાં ખૂબ રસ પડે છે. સ્વાધ્યાય મંદિર જવું આત્મધર્મ વાંચવું તે તો અમારું હંમેશનું કાર્ય છે. બાલવિભાગમાં જોડાયા પછી અમારા જીવનમાં ઘણું પરિવર્તન થઈ ગયું છે. મનોવતીની દર્શનકથા વાંચ્યા પછી અમને પણ તેના જેવી પ્રતિજ્ઞા લઈને અમારું જીવન ધન્ય કરવાની આશા જાગી છે.

પ્રશ્નઃ– વર્તમાનકાળમાં સર્વ પ્રથમ મોક્ષ જનાર કોણ ? ( જયશ્રીબેન–રાંચી )

ઉત્તરઃ– અનંતવીર્યસ્વામી (–ભરતચક્રવર્તીના એક ભાઈ.) તેમણે આ અવસર્પિણી કાળમાં ભરતક્ષેત્રમાં મોક્ષના દરવાજા ખોલ્યા. ( જુઓ, “ભગવાન ઋષભદેવ”પાનું ૧૫૯ )

ઘાટકોપરમાં જિનમંદિરના શિલાન્યાસ પ્રસંગે ત્યાંની ઉત્સાહી દિ. જૈન ભજનમંડળીએ પ્રસંગને લગતા ભજનો ગાયેલા, તે બાલવિભાગના સભ્ય શ્રી રમેશભાઈએ મોકલ્યા છે; તેમાંથી એક ગીત અહીં આપ્યું છેઃ–

જિનાલય રૂડા બંધાશે...( ખમા મારા...એ રાગ )

એ...આજ દિવસ અનુપમ ઊગ્યો ને ધન્ય ધરતી આકાશ
નાનું ગામ પવિત્ર બન્યું, મુરત મંદિરના થાય.
ધન્ય ધન્ય ઘાટકોપર ગામ, જિનાલય રૂડા બંધાશે,
ધન્ય ધન્ય ધરતી આકાશ, મંદિર રૂડા રચાશે.

પુન્ય અમારા આજ ફળ્યા રે,
મહાભાગ્યે અવસર આવ્યા. જિના૦....
નેમીનાથ પ્રભુજી અહીંયા બિરાજશે,
ભક્તોના થાશે ઉદ્ધાર. જિના૦......
આવો આતમની વાતુ જાણી લઈએ,
જાણીયે સમય કેરો સાર. જિના૦.......
કહાન ગુરુએ ધર્મધ્વજ ફરકાવી,
ખોલ્યા છે મોક્ષ કેરા માર્ગ જિના૦.......
સમયસારનો સાર બતાવી,
અસાર બતાવ્યો સંસાર. જિના૦......
સોનગઢને યાત્રા ધામ બનાવ્યું,
બોલો ભક્તો જય જય કાર. જિના૦........
દેવોના વૃંદો પુષ્પ વૃષ્ટી કરતાં,
“કમલ” હૈયું પુલકીત થાય. જિના૦.......

∗ ઉમરાળાના પ્રકાશ એમ. જૈન (સભ્ય નં ૨૯૩) મુંબઈથી લખે છે કે–ગુરુદેવ અમારા ગામના છે તેથી અમે ગૌરવ અનુભવીએ છીએ અમે આખું આત્મધર્મ સારી રીતે વાંચીએ છીએ, ને જ્ઞાન મેળવીએ છીએ. તેમાં જે પુનરાવર્તનરૂપ પરીક્ષા વિભાગ શરૂ કર્યો તે ઘણું જ સારૂં કર્યું છે, તેથી અમારો રસ વધ્યો છે, ને આ યોજના બદલ ખૂબ જ ધન્યવાદ! અમારી ભાવના છે કે આત્મધર્મ મહિનામાં એક વખત આવે છે તેને બદલે બે વખત આવે. (ભાઈશ્રી, હજારો જિજ્ઞાસુઓ પણ તમારા જેવી જ ભાવના ધરાવે છે.)

∗ અમદાવાદ બાલવિભાગના પ્રતિનિધિ લખે છે કે–આત્મધર્મ અને તેમાં પુનરાવર્તન રૂપ પરીક્ષાનો વિભાગ ઘરેઘરે નાના મોટાની વચ્ચે તત્ત્વચર્ચાનું સુંદર વાતાવરણ જમાવે છે... આવી પ્રવૃત્તિનો વિકાસ થાય તેમ સૌ ઈચ્છે છે.

અમેરિકામાંથી કોઈ જીવો મોક્ષ પામ્યા હશે? હા, અનંતા જીવો ત્યાંથી મોક્ષ પામ્યા છે. રશિયામાંથી? –હા, ત્યાંથી પણ અનંતા.

આખાય અઢીદ્વીપ તે સિદ્ધક્ષેત્ર છે, ને તેમાં દરેક સ્થાનેથી અનંતા જીવો મોક્ષ પામ્યા છે. ભારત અમેરિકા કે વિદેહક્ષેત્ર વગેરે બધા દેશોનો સમાવેશ અઢીદ્વીપમાં થાય છે. એટલે માત્ર ભારત નહિ, અમેરિકા ને આફ્રિકા, યુરોપ વગેરે પણ સિદ્ધભૂમિ છે. ત્યાંથી પણ અનંતા જીવો સિદ્ધપદને પામ્યા છે.

∗ બગદાણા (તળાજા) થી સત્યદેવભાઈનો પત્ર છે, સાથે ગુરુદેવ પ્રત્યે અંજલિ તેમજ દોહા વગેરે પણ લખી મોકલ્યા છે. તેઓ ૨૬ વર્ષના યુવાન, હરિજન–વણકર જ્ઞાતિના બ્રાહ્મણ છે; સોનગઢ આવી ગુરુદેવની વાણી સાંભળીને તેમને થયું કે આવા જૈનધર્મ સિવાય ક્યાંય ઉદ્ધાર નથી...અહો, ગુરુદેવ તો બતાવે છે કે 'હું જિનવરનો સન્તાન છું.' તેમની સાથે બીજા ત્રીસેક મિત્રો (જેમાં હરિજનો ને કોળી ભાઈઓ પણ છે–તેઓ) ભજનમંડળી નિમિત્તે ભેગા મળીને જૈનધર્મના અભ્યાસનો પ્રયાસ કરે છે. ઉત્તમ જૈનસંસ્કારો પામીને તેઓ જીવનને ઉજ્જવળ કરે એમ ઈચ્છીએ છીએ. તેમના લખાણનો યોગ્યભાગ 'ઉપકાર–અંજલિ' માં લઈશું.

∗ અમેરિકાથી શ્રી લીલાબેન શાહ તરફથી ગુરુદેવપ્રત્યેની ભક્તિભીની ઉપકાર–અંજલિ આવી ગઈ છે. પરદેશમાં વસતા બધાય ભક્તો જરૂર અંજલિ લખી મોકલે...અને, હે ભારતના ભક્તો! તમે હવે ક્યારે જાગશો?

∗ દેહ અને આત્મા તદ્‌ન ભિન્ન છે, તે આ દુનિયાસમક્ષ બતાવી ગુરુદેવે જ્ઞાનનો મોટો મહાસાગર આપણી સમક્ષ રજુ કરેલ છે. આવા આત્માની ઓળખાણ કરી ફરી બીજી માતાને પેટ અવતાર ધારણ ન કરવો

પડે–એવી ભાવના ભાવીએ છીએ. ( –રાજેન્દ્ર જૈન કલકત્તા સ. નં. ૧૧૮ )

* બાલમિત્રોને ધન્યવાદ આપતાં જોરાવરનગરથી રજનીકાન્ત જૈન લખે છે કે બાલમિત્રો તમે ઘણું જ સરસ લખો છો તેથી મને અને મારા મિત્રોને વાંચીને ખૂબ આનંદ થાય છે. અને દુનિયામાં આત્મધર્મ તથા જૈનશાસન ગૂંજતું થાય તેવી ભાવના ભાવું છું.

* કલ્પનાબેન જૈન લાઠીઃ પ્રભુના દર્શન કર્યા વગર તમે દૂધ પણ પીતા નથી,–તે માટે ધન્યવાદ!

* ભરત જૈન ( લાઠી ) લખે છેઃ કે આત્મધર્મ આવતાંવેંત પ્રશ્નોનો ઉત્તર શોધવામાં લાગી જઈએ છીએ. આત્મધર્મ માટે ખૂબ રાહ જોઈએ છીએ. મહિનો પૂરો થતાં ઘણીવાર લાગે છે, તેથી જો પાક્ષિક આવે તો સારું.

* આકોલાના ભાઈ–બેનો લખે છે કે : જૈનબાળપોથીનો અભ્યાસ કરાવીને પરીક્ષા લેવાનો આપનો આ કાર્યક્રમ બહુ ઉત્તમ અને આદર્શ ભાવના જગાડનાર છે. અમારા જેવા હજારો બાળકોને ઘરે બેઠા ઉત્તમ અભ્યાસની તક પ્રાપ્ત થઈ છે. ( બીજા પણ અનેક બાળકોના આવા ઉત્સાહ ભર્યા પત્રો આવ્યા છે. )

* મોશી ( આફ્રિકા ) થી રણમલભાઈ 'આત્મવૈભવ' વાંચીને લખે છે કે ગુરુદેવ પાસે જ્ઞાનનું ખજાનું ભરેલું છે, તે ખોલીને ખૂબ ઉપકાર કરી રહ્યા છે. અધ્યાત્મરસનું પાન કરાવીને ગુરુદેવ આનંદ કરાવે છે.

* પુનરાવર્તનરૂપ પરીક્ષામાં કેટલાય જિજ્ઞાસુઓ હોંશથી ભાગ લઈ રહ્યા છે, ને આ વિભાગ માટે હાર્દિક પ્રસન્નતા વ્યક્ત કરી છે. સ્થળસંકોચને કારણે બધાના પત્રો અહીં આપેલ નથી.

* "અહાહા, જ્ઞાનીઓએ શું આત્માનું વર્ણન કર્યું છે!–અને જાતે અનુભવ્યો છે. કેવો છે તે આત્મા? સહજ સ્વભાવ સહજ આનંદી, અને એની ૪૭ શક્તિઓની છોળો જ્ઞાનમાં ઊડે તેવી છે. અહા! આત્માના એકેક ગુણની શી વાત લખવી! પૂ. ગુરુદેવે પંચમકાળમાં મેહુલા વરસાવ્યા છે. તારી આત્મલક્ષ્મીના આત્મવૈભવના ગાણાં ગવાય છે, ત્યારે નહિ સહજ તો પછી ક્યારે સમજીશ?

–સ્વ. જયંતિલાલ જગજીવન ( સુરેન્દ્રનગર ) ના પત્રમાંથી.

* 'અમે અમદાવાદી અલબેલા' ના ધાર્મિક ગીત સાથે સ. નં. ૧૦૦ લખે છે કે "અમારા સ્નેહી સમાન આત્મધર્મ મળ્યું. આ વખતનું આત્મધર્મ ઘણું રસપ્રદ લાગ્યું અને તેમાં પરીક્ષાની યોજના બહુ ગમી." ( અંજલિના રંગબેરંગી બધા લખાણો મળ્યા છે. )


* શું પરજીવની દયાનો ભાવ તે મિથ્યાત્વ છે? –ના. તો શું પરજીવની દયાનો ભાવ તે ધર્મ છે? જી ના! –जयजिनेन्द्र

# યાદ આવે છે પાંડવભગવંતોની ધીરતા

હમણાં માગસર વદ ૧૪ ના રોજ પાલીતાણા શત્રુંજય–તળેટીમાં બંધાતા શ્વે. જિનાલયના બાંધકામમાં અકસ્માત થતાં સેંકડો માણસો ઘવાયા, કેટલાય માણસો, બાળકો–યુવાનો–વૃદ્ધો મરણ પામ્યા; સૌરાષ્ટ્રમાં ને દેશભરમાં હજારો–લાખો લોકોમાં કરુણ–હાહાકાર છવાયો...લોકોએ પોતાથી બનતી સેવાઓ કરી, આશ્વાસન આપ્યાં. આર્ય માણસોને કરુણા આવે ને વૈરાગ્ય જાગે એવી કરુણ ઘટના બની ગઈ.

આના કરતાંય ઘણાય ગંભીર બનાવો ક્યાંક ધરતીકંપથી, તો ક્યાંક પૂર હોનારતથી તાજેતરમાં જ બન્યા હતા, ને દુનિયામાં સદાય એવા પ્રસંગો બન્યા કરે છે; કેમકે સંયોગો તો ક્ષણભંગુર જ છે. અને એવા ક્ષણભંગુરતાના પ્રસંગો બનતાં લોકોમાં તત્કાળપૂરતી લાગણીનાં પૂર ઉભરાય છે, ને થોડાદિવસમાં પાછા શમી જાય છે. પાલીતાણા–હોનારતમાં ઊભરાયેલા કરુણ–લાગણીનાં પૂર પણ અત્યારે શમી ગયા. ક્ષણિક કરુણા કે આઘાતની લાગણીથી આગળ વધીને વિચારણા ભાગ્યે જ કોઈ કરતું હશે! જ્ઞાનીઓએ આખી વસ્તુસ્થિતિ કોઈ જુદી જ બતાવી છે.

ભાઈ, દુઃખ મરણનું નથી, દુઃખ મોહનું છે. આ તે જ શત્રુંજય–પર્વત છે કે જેના ‘શિખર’ પર આજથી ૮૪૦૦૦ વર્ષ પહેલાં પાંડવમુનિરાજો, દેહ તો અગ્નિમાં સળગતો હોવા છતાં તે જ વખતે ચૈતન્યની શાંતિમાં લીનતાપૂર્વક દેહ છોડીને મોક્ષમાં સીધાવ્યા...મોહશત્રુને જીતીને સિદ્ધપદ સાધી લીધું. અને આજે પણ એ જ શત્રુંજય પર્વત છે કે જેની ‘તળેટીમાં’ અનેક મનુષ્યોએ મોહથી દુઃખમાં રીબાઈ–રીબાઈને પ્રાણ છોડયા. શત્રુંજય ઉપર પ્રાણ તો બંનેના છૂટયા, પણ પહેલાંએ (પાંડવ ભગવંતોએ) તો દેહથી ભિન્ન ચૈતન્યની એવી આરાધનાપૂર્વક દેહ છોડયો કે ભવથી તરીને આ શત્રુંજયને પણ તીર્થ બનાવ્યું, અને આજે હજારો વર્ષે પણ તેમની એ આરાધનાને યાદ કરીને આપણે આ પર્વતને તીર્થ તરીકે પૂજીએ છીએ. જ્યારે બીજા જીવો એવું ન કરી શક્યા ને મોહથી–દુઃખથી પ્રાણ છોડયા, તો તે ઘટનાને ગોઝારીઘટના ગણીએ છીએ. આ રીતે જીવોના અંતરના પરિણામ અનુસાર જગતની એક જ પ્રકારની ઘટનાઓમાં પણ કેવું મહાન અંતર પડી જાય છે! તેનો વિચારી કરીએ તો એ મોહશત્રુને જીતનારા વીતરાગી પાંડવમુનિભગવંતોના જીવનનો આદર્શ આપણને પણ તેવી આરાધના પ્રત્યે ઊર્મિ જગાડે છે. બાકી તો એકલી કરુણાની ઊર્મિઓ લોકોમાં સૌને આવે જ છે. ‘શત્રુંજય’ તો આપણને સ્થિરતા–એકાગ્રતા ને વીરતાનો કોઈ લોકોત્તર સન્દેશ આપે છે.




# શત્રુંજય-સન્દેશ

યુદ્ધની વચ્ચે પણ જે સ્થિર રહે તે યુધિસ્થિર.

અનેકવિધ સંયોગ–વિયોગ, તથા પરભાવો તે રૂપ જે યુદ્ધ, તેની વચ્ચે પણ પોતાના જ્ઞાનને જે સ્થિર રાખે છે, પરભાવોથી જરાપણ ચલિત થતો નથી, એવો યુધિસ્થિર સ્થિરઉપયોગવડે શત્રુઓનો જય કરીને સિદ્ધપદ પામે છે. આવા "યુદ્ધિ–સ્થિર" બનવાનો સન્દેશ આ સિદ્ધક્ષેત્ર આપે છે.

ભીમ એટલે પરાક્રમી !–જે કોઈથી ડરે નહિ, જેને કોઈ જીતી શકે નહિ, રાક્ષસોનો જે નાશ કરે...તેમ પ્રતિકૂળતાના ગંજ વચ્ચે પણ નીડરપણે પોતાના આત્મવીર્યરૂપ પરાક્રમ વડે જે મોહાદિ–ક્રોધાદિ રાક્ષસોને જીતી લ્યે છે, તે ભીમ મોક્ષ પામે છે ને આ તેમની મોક્ષભૂમિ એવો સન્દેશ આપે છે કે હે જીવ! તું પણ ભીમની જેમ નીડર અને પરાક્રમી થઈને ગમે તે પરિસ્થિતિમાં આત્માને સાધજે.

અર્જુન...તે એવો બાણાવળી કે જેનું લક્ષ કદી ખાલી ન જાય, પોતાના લક્ષ્ય પ્રત્યે જ લક્ષને એકત્વ કરીને તેને સાધે...આ રીતે અંદર ચૈતન્યને જ લક્ષ્ય બનાવીને, બીજે બધેથી લક્ષ હઠાવીને તે લક્ષ્યમાં જ લક્ષને એકાગ્ર કર્યું, ને સિદ્ધપદ સાધ્યું...તે લક્ષ્યવેધી અર્જુનભગવાનનો એવો સન્દેશ આ સિદ્ધક્ષેત્ર સંભળાવે છે કે તારા ઇષ્ટની સિદ્ધિને માટે જગતને ભૂલીને–સંયોગથી લક્ષ હઠાવીને, ચૈતન્યસ્વભાવરૂપ એક લક્ષ્યમાં જ લક્ષને એકાગ્ર કરીને ધ્યાનરૂપી તીર ચલાવતાં તને તારું ઇષ્ટ એવું સિદ્ધપદ પ્રાપ્ત થશે...ને તારા શત્રુઓ જીતાઈ જશે. આ છે શત્રુંજયસન્દેશ!

બીજા બે ભાઈ સહદેવ અને નકુલ...તેઓ મોક્ષ ન પામતાં સ્વર્ગમાં ગયા કેમકે 'પોતાના ભાઈઓનું શું થતું હશે!' એવી ચિન્તામાં તેઓ રોકાઈ ગયા...ને લક્ષની એકાગ્રતા ચુકી ગયા...તેઓ એવો સન્દેશ આપે છે કે હે જીવો! પારકી ચિન્તામાં રોકાશો નહિ.. સ્વલક્ષને જ સાધવામાં **'સ્થિર'** રહીને **'પરાક્રમ'** વડે તે લક્ષમાં ઉપયોગને **'એકાગ્ર'** કરજો. આ રીતે યુધિષ્ઠિર–ભીમ ને અર્જુન શત્રુંજયના શિખર પરથી સ્થિરતા –વીરતા ને એકાગ્રતાનો સન્દેશ આપે છે.

# વૈરાગ્ય સમાચાર

* સોનગઢમાં માગશર સુદ પાંચમ ને રવિવારની વહેલી સવારમાં ગોંડલવાળા ભાઈશ્રી વછરાજ ગુલાબચંદ એકાએક હાર્ટફેઈલથી સ્વર્ગવાસ પામી ગયા. તેઓ ગોંડલ મુમુક્ષુમંડળના આગેવાન હતા ને લગભગ ૪૮ વર્ષથી પૂ. ગુરુદેવના સમાગમમાં આવ્યા હતા. છેલ્લા કેટલાય વર્ષોથી તેઓ સોનગઢમાં જ મકાન બંધાવીને કાયમ ગુરુદેવના સત્સંગનો લાભ લેતા હતા. ૮૧ વર્ષ જેટલી વયોવૃદ્ધ ઉંમર છતાં સવારના પાંચથી રાતના નવ વાગ્યા સુધીના બધા કાર્યક્રમોમાં નિયમિત ભાગ લેતા હતા. છેલ્લા શનિવારની રાત્રે પણ તેઓ તત્ત્વચર્ચામાં આવ્યા હતા, ને તે જ રાત્રે સ્વર્ગવાસ પામી ગયા. તેઓ ભદ્રિક હતા ને નિવૃત્તિથી ખૂબ શાસ્ત્રસ્વાધ્યાય કરતા. દેવ–ગુરુ–ધર્મના શરણે તેઓ આત્મહિત સાધે એ જ ભાવના.

(રે! સંસાર તો આવો છે–કે જેમાં રાત્રે સૂતેલો સવારે જાગશે કે કેમ?–તે પણ નિશ્ચિત નથી,–એવું ક્ષણભંગુર આ મનુષ્યજીવન...તેમાં આત્મહિત માટે સદૈવ જીવે જાગૃત રહેવા જેવું છે...જેથી, મરણ આવે તોપણ આરાધના ‘અમર’ રહે.)


* સુરતવાળા ઝવાભાઈ (ધીરજલાલ હરજીવન) ના ધર્મપત્ની દૂધીબેન માગશર સુદ ૫ ના રોજ રાત્રે સોનગઢ મુકામે સ્વર્ગવાસ પામી ગયા. તેઓ ઘણા વખતથી સોનગઢ રહીને ગુરુદેવના સત્સંગનો લાભ લેતા હતા. સ્વર્ગવાસની એકાદ કલાક પહેલાં જ ગુરુદેવ દર્શન દેવા પધાર્યા ત્યારે તેમણે ઉત્સાહ અને ભક્તિ વ્યક્ત કર્યા હતા. અંતિમ ઘડીએ પોતાની કંઈક ઈચ્છા વ્યક્ત કરવા પાટી–પેન લઈને લખવાની ચેષ્ટા કરી હતી, પણ બરાબર લખી શક્યા ન હતા. તેમનો આત્મા દેવ–ગુરુ–ધર્મના શરણે આત્મહિત પામો.

* મનસુખલાલ શાંતિલાલ ઝોબાલીઆના ધર્મપત્ની લીલાવતીબેન તા. ૭–૧૨–૬૮ ના રોજ...શાંતાક્રુઝમાં સ્વર્ગવાસ પામ્યા છે. છેલ્લે સુધી તેમણે વાંચન–શ્રવણ કરેલ. દેવગુરુના શરણે તેઓ આત્મહિત પામો.

* જામનગરના પારેખ રતિલાલ નેમચંદ માગશર વદ ત્રીજના રોજ જામનગર મુકામે હાર્ટફેઈલથી સ્વર્ગવાસ પામ્યા છે. તે દિવસની સાંજ સુધી તેમના ધર્મપત્ની ગંગાબેન પાસે તેમણે સમયસાર વગેરેની સ્વાધ્યાય સાંભળી હતી. જામનગર મુમુક્ષુમંડળમાં અને જિનમંદિર સંબંધી કાર્યોમાં તેમનો ઉત્સાહભર્યો સહકાર હતો. તેઓ ભદ્રિક હતા અને અવારનવાર સોનગઢ આવીને લાભ લેતા હતા. આ વૈરાગ્યપ્રસંગે શ્રી ગંગાબેને વૈરાગ્ય વિચારોના બળે ધૈર્ય રાખેલ છે. સ્વર્ગસ્થ આત્મા દેવગુરુધર્મના શરણે આત્મહિત પામો.

* લાઠીના જયંતિલાલ મણિલાલ ભાયાણીના માતુશ્રી સમજાુબેન તા. ૨૬–૧૧–૬૮ ની રાત્રે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ આત્મશાંતિ પામો.

* લીંબડીના શેઠ ખીમચંદ બાલચંદના ધર્મપત્ની સકરીબેન માગશર સુદ એકમના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવારનવાર સોનગઢ આવતા, ને અંત સુધી ‘અપૂર્વઅવસર’ વગેરે સાંભળ્યું હતું. તેઓ આત્મશાંતિ પામો.



**જયપુરની પ્રસિદ્ધ ચોવીસી ( 'વીરવાણી' ના સૌજન્યથી )**


**પ્રેમથી બોલાવે છે કે-વહાલા બંધુઓ, * ( ટાઈટલ પાનું બીજેથી ચાલુ )**

–મહાન આદર્શરૂપ એવો આ જૈનધર્મ એ તમારો જ ધર્મ છે, ને તમારે જ તેને શોભાવવાનો છે. આત્મધર્મ તે બાળકોને સંસ્કારહીન કહીને ઉતારી નથી પાડતું, પણ 'તમે તો જિનવરના સન્તાન છો' એમ કહીને તેમને કર્તવ્યનું ભાન કરાવે છે, ને ધાર્મિકસંસ્કારો પ્રત્યે ઉત્સાહિત કરે છે.

આશા છે કે આપણા પત્રકારબંધુઓ આ પરિસ્થિતિનો વિચાર કરીને, પોતાના પત્રોનાં પાનાં એવી સામગ્રીથી ભરશે કે જેથી યુવાનોને–બાળકોને સૌને ઉચ્ચ ધાર્મિક પ્રેરણાઓ મળે ને તેમાં ખૂબજ રસપૂર્વક ઉત્સાહથી તેઓ ભાગ લ્યે.


આપણા યુવાનોના હૃદયમાં ધર્મ પ્રત્યે ઊંચી લાગણી અને થનગણાટ તો ભરેલા છે જ, માત્ર જરૂર છે તેમને સાચી દોરવણી આપવાની.–તેમને સાચી દોરવણી અને પ્રોત્સાહન આપવાથી જૈનશાસનના પવિત્ર ધ્વજને તેઓ વિશ્વગગનમાં ઊંચે ઊંચે ફરકાવશે.

जयजिनेन्द्र



પાંચ વર્ષ પહેલાં (સં. ૨૦૨૦ માં) પૂ. ગુરુદેવ દક્ષિણપ્રાંતમાં પોન્નૂર, કુંદાદ્રિ, શ્રવણબેલગોલ, વગેરે તીર્થધામોની યાત્રાએ પધાર્યા, ત્યારે વચ્ચે વેણુર ગામે ૩૫ ફૂટ ઊંચી બાહુબલી સ્વામીની પ્રતિમાના દર્શને પધારેલા; તે વખતે હાથીનું આ બચુલિયું ગુરુદેવના સ્વાગતની ચેષ્ટા કરી રહ્યું છે.

## હવે આ નીચેના હાથી છે-તે બોલતા હાથી છે!



આ હાથી તમને એક સરસ મજાનો મંત્ર કહે છે. શું તમે તેની ભાષા નથી સમજી શકતા? (તમને એ મંત્ર આવડે છે, તમે દરરોજ બોલો છો, છતાં નથી સમજી શકતા?) તો, આ હાથીને અરીસામાં મોઢું દેખાડો એટલે તે તમારી ભાષામાં સરસ મજાનો મંત્ર કહેશે, ને તમે પણ તરત તે સમજીને ખુશી થશો.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ (પ્રતઃ ૨૫૦૦)